RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 244* Date: 24.06.2023, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ભારત ટૂંક સમયમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે : પીએમ મોદી



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે યુએસ કોંગ્રેસના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું. આ બીજી વખત છે જ્યારે પીએમ મોદીએ આવું સંબોધન કર્યું છે. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે ભારત ટૂંક સમયમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે યુએસ કોંગ્રેસના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું સાથે બીજુવાર આવું કરનાર વિશ્વના ત્રીજા નેતા બન્યા. તમને જણાવી દઈએ કે પીએમ મોદીએ આ પહેલા બરાક ઓબામાના વહીવટ કાળ દરમિયાન ૨૦૧૬માં યુએસ કોંગ્રેસને સંબોધિત કરી હતી. આ આમંત્રણ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેન દ્વારા ભારત-અમેરિકાના સંબંધો અને પીએમ મોદી સાથેની તેમની મિત્રતાને આપેલા મહત્વને દર્શાવે છે.

યુએસ સેનેટના બહુમતી નેતા ચક શૂમર અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના સ્પીકર કેવિન મેકકાર્થીએ કેપિટોલ હિલમાં સ મોદીનું સ્વાગત કર્યું, જ્યાં ધારાશાસ્ત્રીઓએ તેમને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું.- અમેરિકી કોંગ્રેસને સંબોધન કરવું હંમેશા સન્માનની વાત છે. આવું બે વાર કરવું એ એક અસાધારણ લહાવો છે. હું આ સન્માન માટે ભારતના ૧.૪ અબજ લોકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

- ભારતનું વિઝન માત્ર મહિલાઓને ફાયદો કરાવતો વિકાસ નથી, તે મહિલાઓના નેતૃત્વમાં વિકાસ છે, જ્યાં મહિલાઓ પ્રગતિની સફરનું નેતૃત્વ કરે છે.

- અમે અમારી પેરિસ પ્રતિબદ્ધતાને પૂર્ણ કરનાર એકમાત્ર ૨૨૦ દેશ બન્યા છીએ. અમે ૨૦૩૦ના લક્ષ્યાંક કરતાં ૯ વર્ષ આગળ, અમારા ઉર્જા સ્ત્રોતોના ૪૦% કરતાં વધુ રિન્યુએબલ એનર્જીના યોગદાનમાં વધારો કર્યો છે. પરંતુ અમે અહીં અટક્યા નથી. ગ્લાસગો સમિટમાં, મેં મિશન લૈફઈ પ્રસ્તાવિત કર્યો...અમારું મિશન છે પ્રો-પ્લેનેટ પ્રોગ્રેસ, પ્રો-પ્લેનેટ પ્રોપરિટી, પ્રો-પ્લેનેટ પીપલ.

- જ્યારે હું વડાપ્રધાન તરીકે પહેલીવાર અમેરિકા ગયો હતો ત્યારે ભારત વિશ્વની ૧૦મી સૌથી મોટી અર્થવ્યવસ્થા હતી. આજે ભારત ૫મી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. ભારત ટૂંક સમયમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. આપણે માત્ર મોટા જ નથી થઈ રહ્યા પણ ઝડપથી વધી રહ્યા છીએ.

## રાજસ્થાનના બિકાનેરમાં અનુસૂચિત જાતિની યુવતી સાથે ગેંગરેપ બાદ હત્યા

રાજસ્થાનના બિકાનેરમાં એક અનુસૂચિત જાતિની બાળકી પર સામૂહિક બળાત્કાર અને હત્યાના મામલે બે પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. યુવતીના પિતાનો આરોપ છે કે એક યુવક તેમની દીકરીનો પીછો કરતો હતો. ૨૦જૂને દીકરી કોચિંગ માટે ગઈ હતી. ત્યારબાદ યુવક અને બંને પોલીસકર્મીઓ પુત્રીને રૂમમાં લઈ ગયા અને તેની સાથે ગેંગરેપ કર્યો. પછી તેને મારી નાખ્યો. આ કેસમાં પોલીસે બંને પોલીસ કોન્સ્ટેબલને કસ્ટડીમાં લીધા છે. એસપીના આદેશ પર બંને પોલીસ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ મામલે વધુ તપાસ ચાલુ છેબીકાનેરના ખાજુવાલા વિસ્તારમાં ૨૦ વર્ષીય યુવતી રોજ કોમ્પ્યુટર કોચિંગ માટે આવતી હતી. પીડિતાના પિતાનો આરોપ છે કે દિનેશ વિશ્નોઈ નામનો યુવક છેલ્લા ૧૫ દિવસથી દીકરીનો પીછો કરી રહ્યો હતો. પુત્રીએ પણ તેને આવું કરવાની મનાઈ કરી હતી.

૨૦ જૂને સવારે ૧૦ વાગે દીકરી કોચિંગ માટે આવી હતી ત્યારે દિનેશ વિશ્નોઈ અને ખાજુવાલા પોલીસ સ્ટેશનના બે કોન્સ્ટેબલ ભગીરથ વિશ્નોઈ અને મનોજ વિશ્નોઈ દીકરીને લઈ ગયા હતા. આ પછી, તેને તેના મિત્રના રૂમમાં લઈ જવામાં આવ્યો. ત્યાં બે પોલીસ કોન્સ્ટેબલ, દિનેશ અને અન્ય ૨-૩ લોકોએ તેની સાથે પુત્રી પર ગેંગરેપ કર્યો. આ દરમિયાન પુત્રીનું મૃત્યુ થાય છે. આરોપ છે કે આરોપીઓએ હત્યા કર્યા બાદ હત્યા અને સામૂહિક બળાત્કારના ગુનાને છુપાવવા માટે યુવતીની લાશને ખાજુવાલાના સિનેમા હોલ પાસે ફેંકી દીધી હતી. ઘટનાની જાણ થતાં જ સિટી એસપી તેજસ્વિની ગૌતમ સહિત અનેક પોલીસ અધિકારીઓ અને પાંચ પોલીસ સ્ટેશન ખજુવાલા પહોંચી હતી.પીડિત પરિવારની સાથે ભાજપના જિલ્લા પ્રમુખ જાલમસિંહ ભાટી અને અન્ય કાર્યકરોએ ખાજુવાલા પોલીસ સ્ટેશન સામે ધરણા કર્યા હતા. પીડિત પરિવારની માંગ હતી કે પોલીસકર્મીઓની ધરપકડ કરવામાં આવે અને અન્ય આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવે.

## જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી, સરહદે ઘૂસણખોરી કરી રહેલા ૪ આતંકી ઠાર મરાયા



જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ વિરુદ્ધ સુરક્ષાદળોની કાર્યવાહી યથાવત્ છે. કૂપવારામાં ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા ૪ આતંકીઓને ઠાર મરાયાની માહિતી મળી રહી છે. અહેવાલ અનુસાર અમુક દિવસ પહેલાં જ કાશ્મીરમાં સુરક્ષાદળોએ ૫ આતંકીઓને ઠાર માર્યા હતા. તેની સાથે જ એક સપ્તાહમાં અત્યાર સુધી કુલ ૯ આતંકીઓને ઠાર મરાયા છે. જોકે હવે ભારતીય સેના અને પોલીસના સંયુક્ત અભિયાનમાં વધુ ૪ ઘૂસણખોરોને ઠાર મરાયાની માહિતી મળી છે. ગઈલકો જમ્મુ-કાશ્મીરની પોલીસની વિશેષ તપાસ યુનિટે અનંતનાગ જિલ્લામાં લશ્કર-એ-તોયબાના એક આતંકવાદીના સહયોગીના ઘરને ટાંચમાં લીધું હતું. પોલીસના એક પ્રવક્તાએ જણાવ્યું હતું કે યુનિટે આતંકીઓને શરણ આપવા અને તેમને રેશન ઉપલબ્ધ કરાવનાર વિરુદ્ધ કાર્યવાહીને ચાલુ રાખતાં સુબહાનપુરા બિજબેહરા વિસ્તારમાં આતંકીઓના સહયોગીનું મકાન ટાંચમાં લીધું હતું.

## ૨૦૨૨માં સ્વિસ બેંકોમાં ભારતીયોની જમા રકમ ૧૧ ટકા ઘટીને રૂ. ૩૦,૦૦૦ કરોડ




સ્વિસ બેંકોમાં ભારતીય કંપનીઓ અને ભારતીયો દ્વારા જમા કરાવવામાં આવેલ રકમ ૨૦૨૨માં ૧૧ ટકા ઘટીને ૩.૪૨ અબજ સ્વીસ ફ્રેન્ક (૩૦,૦૦૦ કરોડ રૂપિયા) રહી છે તેમ સ્વીટ્ઝરલેન્ડની સેન્ટ્રલ બેંક દ્વારા જારી કરવામાં આવેલા વાર્ષિક આંકડામાં જણાવવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે ૨૦૨૧માં ભારતીય કંપનીઓ અને ભારતીયો દ્વારા જમા કરાવવામાં આવેલ રકમ ૩.૮૩ અબજ સ્વીસ ફ્રેન્ક હતી. જે ૧૪ વર્ષની સૌથી વધુ રકમ હતી.

બેંકો દ્વારા આ સત્તાવાર આંકડા સ્વિસ નેશનલ બેંકને રજૂ કરવામાં આવ્યા છે. જો કે આ રકમમાં કાળા નાણાંનો સમાવેશ થતો નથી. આ રકમમાં એ રકમનો પણ સમાવેશ થતો નથી જે ભારતીયો, એનઆરઆઈ અને અન્ય લોકોએ સ્વીસ બેંકોમાં ત્રીજા દેશના એકમો તરીકે જમા કરાવી છે.

સ્વિસ નેશનલ બેંકેભારતીયોએ જમા કરાવેલ ૩.૪૨ અબજ સ્વીસ ફ્રેન્કની રકમને કુલ જવાબદારી ગણાવી છે. ઉલ્લેખનીય છે કે ૨૦૦૬માં ભારતીયો દ્વારા જમા કરાવેલ રકમ ૬.૫ અબજ સ્વીસ ફ્રેન્ક હતી.

સ્વિસ બેંકના જણાવ્યા અનુસાર વિદેશી કંપનીઓ અને વિદેશી કલાયન્ટોની સ્વિસ બેંકોમાં જમા રકમ ૨૦૨૨માં ૧.૧૫ ટ્રિલિયન સ્વીસ ફ્રેન્ક (૧૨૫ લાખ કરોડ રૂપિયા) હતી.

વિદેશી કલાયન્ટની જમા રકમની બાબતમાં બ્રિટન ટોચ પર છે. ત્યારબાદ બીજા ક્રમે અમેરિકા છે. વિદેશી કલાયન્ટની જમા રકમની બાબતમાં બ્રિટન૩૦૯ અબજ સ્વિસ બેંકની રકમ સાથે પ્રથમ ક્રમે છે. ૧૩૩ અબજ સ્વિસ બેંકની રકમ સાથે અમેરિકા બીજા ક્રમે છે.

ત્યારબાદ વેસ્ટ ઈન્ડિઝ, ફ્રાન્સ, જર્મની, હોંગકોંગ, સિંગાપોર, લકઝમબર્ગ, બહામાસ, નેધરલેન્ડ, યુએઈ, ગર્નસે, સાયપ્રસ, ઈટાલી, ઓસ્ટ્રેલિયા, જર્સી, કેમેન આઈલેન્ડ, રશિયા, જાપાન, પનામા, સ્પેન, તાઈવાન, સઉદી અરેબિયા, ચીન અને ઈઝરાયેલનો ક્રમ આવે છે.

## 'ભાજપવિરોધી' નહીં 'દેશભક્ત પક્ષો' કહો, ઉદ્ધવની સેનાએ સામનામાં કહ્યું- આજની બેઠક 'દેશ બચાવો આંદોલન'



પટણામાં વિપક્ષી દળોની મહારેલી યોજાવા જઈ રહી છે જેમાં મોદી અને ભાજપવિરોધી જૂથ શક્તિ પ્રદર્શન કરશે. આ બેઠકમાં પીએમ મોદીને ૨૦૨૪માં સત્તાથી હટાવવા વિપક્ષી દળો વચ્ચે સિંગલ પોઈન્ટ એજન્ડા પર સહમતિ બનાવવાનો પ્રયાસ થશે. રેલી પૂર્વે શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ)એ સામનામાં લખ્યું છે કે પટણા એ જ ભૂમિ છે જ્યાંથી જેપીના આંદોલનની શરૂઆત થઈ અને કોંગ્રેસના મજબૂત કિલ્લાને ધ્વસ્ત કરાયો હતો. સામનામાં લખ્યું છે કે ફરી એકવાર પટણાથી શરૂઆત થઈ રહી છે, જે સારી વાત છે. શિવસેના (ઋ) એ ચિંતા વ્યક્ત કરી કે જો ૨૦૨૪માં ફરી મોદી ચૂંટાશે તો લોકતંત્ર નહીં બચે. ભાજપવિરોધી પટણામાં એકજૂટ થશે તેમ કહેવું ખોટું મનાશે. લોકતંત્ર, બંધારણની સુરક્ષા માટે દેશભક્ત દળો એકજૂથ થઈ રહ્યા છે એમ કહેવું યોગ્ય ગણાશે. સામનામાં જણાવાયું છે કે ૧૯૭૫માં આ પટણાની ભૂમિથી જ જયપ્રકાશ નારાયણેએ બીજી આઝાદી તથા ક્રાંતિનો નારો આપ્યો હતો અને દેશમાં ક્રાંતિની જ્વાળા ભડકી હતી.કોંગ્રેસના વિરોધમાં તે સમયે તમામ રાજકીય પક્ષો એકજૂટ થયા અને એકબીજામાં વિલિન થયા. એ એકજૂટતાથી ઈન્દિરા ગાંધીનો પરાજય થયો હતો. એ ક્રાંતિની ચિંગારી પટણાથી ભડકી એટલા માટે દેશભક્ત દળોની આજે પહેલી બેઠક પટણાની ભૂમિ પણ યોજાવા જઈ રહી છે. સામનામાં લખ્યું છે કે કેન્દ્ર સરકાર તપાસ એજન્સીઓનો દુરુપયોગ કરે છે. ભાજપમાં જોડાનારા ભ્રષ્ટાચારીઓ, ગુનેગારોને અભયદાન મળી રહ્યું છે. આ સરમુખત્યારશાહી દર્શાવતું પગલું છે. એવું જ ચાલશે તો ૨૦૨૪ની લોકસભા ચૂંટણી દેશમાં છેલ્લી ચૂંટણી હશે અને આ દેશમાં લોકતંત્ર હતું તેના પર ભાવિ પેઢી ફક્ત રિસર્ચ કરતી રહેશે. આજે યોજાનાર પટણાનો આ મેળો દેશ બચાવો આંદોલન છે. તેમાં જણાવ્યું કે ઓછામાં ઓછી ૪૫૦ બેઠકો પર એકની સામે એક (ભાજપ વિરુદ્ધ વિપક્ષનો એક ઉમેદવાર) નો મુકાબલો થશે અને આ લડાઈમાં ભાજપનો પરાજય થશે. મોદી ગમે તેટલાં નાટકીય પ્રયોગ કરી લે, તેમનો પરાજય નક્કી જ છે. આ દેશના અનેક રાજ્યોએ તે બતાવી દીધું છે.

## ઓપન બોક્સ ડિલીવરી : ફ્લિપકાર્ટ ગ્રાહકોના વિશ્વાસ અને સુરક્ષાને મજબૂત બનાવવા પ્રતિબદ્ધ

ડિજીટલ યુગમાં, જ્યારે ઈ-કોમર્સ આપણા જીવનનો અનિવાર્ય હિસ્સો બની ગયો છે, ત્યારે ઉત્પાદનની અધિકૃતતા અને ડિલિવરીની વિશ્વસનીયતા અંગેની ચિંતાઓ, પ્રથમ વખતના ઓનલાઈન ખરીદદારો અને ઉચ્ચ મૂલ્યની વસ્તુઓ ખરીદનારાઓને રોકી શકે છે. આ પકડારો વચ્ચે, ફ્લિપકાર્ટ ઉત્પાદનની વિશાળ શ્રેણી અને અનુકૂળ શોપિંગ અનુભવો ઓફર કરતાં અગ્રણી પ્લેટફોર્મ તરીકે ઊભરી આવ્યું છે. તેણે ખરીદીની પ્રક્રિયાના દરેક પગલા પર ગ્રાહકોની ચિંતાઓને સંબોધિત કરવા માટે નવીનતા ચાલુ રાખવા માટે તેના ટેકનોલોજી- દોરીત પ્લેટફોર્મનો લાભ લઈને આમ કર્યું છે.



શ્રી હરિ વિદ્યા સંકુલ સનાળીમાં "યોગ દિવસ" ની ભવ્ય ઉજવણી... તા.૨૧-૦૬-૨૦૨૩ ના રોજ શ્રી હરિ વિદ્યા સંકુલ સનાળી ખાતે " આંતર રાષ્ટ્રીય યોગ દિવસ " ની ઉજવણી કરવામાં આવી જેમાં યોગથી થતા લાભો તથા યોગનું મહત્વ વિશે બાળકો જાગૃત થાય તેવા હેતુથી શાળામાં વકતૃત્વ સ્પર્ધા તથા સમૂહ યોગનું આયોજન કરવામાં આવેલ જેમાં શાળાના સંચાલકશ્રી ઘનશ્યામભાઈ ફતેપરા એ યોગનું જીવનમાં શું ? મહત્વ છે તે વિશે બાળકોને માહિતગાર કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સમગ્ર સ્ટાફે ખુબજ જહેમત ઉઠાવી હતી. અંતમાં " વંદે માતરમ" ગીત નું ગાન કરી કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવેલ. અહેવાલ કનુભાઈ ખાચર


તંત્રી લેખ......

# મકાનોનું વેચાણ ચાલુ વર્ષે ૮-૧૦% વધશે

રેટિંગ એજન્સી ક્રિસિલના રિપોર્ટ અનુસાર ટોચના છ શહેરોમાં રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટ ડેવલપર્સના વેચાણમાં ૮-૧૦ ટકા વૃદ્ધિ જોવા મળશે તેવો અંદાજ છે. વ્યાજના દર વધવા છતાં અને મકાનોના ભાવ પણ વધવા છતાં ગ્રોથ નોંધપાત્ર રહેશે. ક્રિસિલના રિપોર્ટ અનુસાર રેસિડેન્શિયલ ડેવલપર્સનું કલેક્શન વધતા અને ડેટ લેવલ ઘટતા તેમના ક્રેડિટ પ્રોફાઈલ પણ મજબૂત થયા છે. છેલ્લાં બે વર્ષમાં મકાનોની માંગ નોંધપાત્ર વધી છે. મિડ, પ્રીમિયમ અને લક્ઝુરી સેગમેન્ટમાં મકાનોનું વેચાણ ખાસ્સું વધ્યું છે. તેને કારણે રિયલ એસ્ટેટ કંપનીઓનું લિવરેજ અને ક્રેડિટ પ્રોફાઈલમાં સુધારો થયો છે. ક્રિસિલે રિયલ એસ્ટેટની ૧૧ મોટી લિસ્ટેડ કંપનીઓ અને ૭૬ નાની અને મધ્યમ કદની કંપનીઓનું એકાઉન્ટિંગ જોઈને આ રિપોર્ટ તૈયાર કર્યો છે. આ કંપનીઓનું આ છ શહેરોમાં મકાનોનાં કુલ વેચાણમાં ૩૫ ટકા યોગદાન છે. દેશમાં આર્થિક વૃદ્ધિ અને ઓફિસોમાં હાઈબ્રિડ વર્કિંગ મોડેલને કારણે મકાનોની માંગ વધી રહી છે. ખાસ કરીને વધુ મોટા અને પ્રીમિયમ મકાનોની માંગ વધારે વધી રહી છે. રિયલ એસ્ટેટ કંપનીઓની ઈન્વેન્ટરી પણ સાનુકૂળ સ્તર પર છે અને લગભગ ત્રણ વર્ષના વેચાણ જેટલી છે જે કોરોનાકાળ પહેલાં ૪.૫ વર્ષના સરેરાશ જેટલી હતી. રિપોર્ટ અનુસાર રિયલ્ટીની ૧૧ મોટી લિસ્ટેડ કંપનીઓનું વેચાણ આ છ શહેરોમાં ગત વર્ષે વેલ્યૂની દૃષ્ટિએ ૫૦ ટકા વધ્યું હતું જ્યારે ક્ષેત્રફળની રીતે ૨૦ ટકા વધ્યું હતું. તેમનું રિયલાઈઝેશન વધ્યું તે દર્શાવે છે કે મોટા અને પ્રીમિયમ મકાનોની માંગ વધારે છે. આ મોટી કંપનીઓનો માર્કેટ હિસ્સો ૨૦૧૯-૨૦માં ૧૬-૧૭ ટકા હતો, જે વધીને અત્યારે ૩૦ ટકા થઈ ગયો છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન, દિલ્હી-એનસીઆર, બેંગલુરુ, પુણે, કોલકાતા, હૈદરાબાદ એ છ શહેરોના આ ડેટા છે. જે ૧૧ લિસ્ટેડ મોટી કંપનીઓના ડેટા લેવાયા છે તેમાં બ્રિગેડ એન્ટરપ્રાઈસીસ, ડીએલએફ, ગોદરેજ પ્રોપર્ટીઝ, કોલ્ટે-પાટિલ ડેવલપર્સ, મેક્રોટેક ડેવલપર્સ, મહિન્દ્રા લાઈફસ્પેસ, ઓબેરોય રિયલ્ટી, પ્રેસ્ટિજ એસ્ટેટ, પુર્વાંકરા, શોભા અને સનટેક રિયલ્ટીનો સમાવેશ છે.

# સેવા જ સૌથી મોટો પુરસ્કાર : સંત રાજીન્દર સિંહજી મહારાજ

આ દુનિયામાં જીવતા મનુષ્ય અનેક પ્રકારના કાર્યો કરે છે. જો જોવામાં આવે તો તેના વધારે પડતા કાર્યો પોતે પોતાના માટે જ કરે છે. પરંતુ મનુષ્ય દ્વારા કરવામાં આવતા સૌથી મહાન કાર્યોમાંથી એક છે બીજાઓની સેવા કરવી. બધા જ સંત મહાપુરુષો કહે છે કે,"આપો આપો અને આપો" પરંતુ આપણે આપણા જીવનમાં જોઈએ છીએ કે મોટાભાગના લોકો આપવાથી ડરે છે કેમ કે તેઓ ચિંતા કરે છે કે બીજાઓને કશું આપીશું તો આપણી પાસેના માંથી ઓછું થઈ જશે. પરંતુ જ્યારે આપણે નિષ્કામ સેવા ભાવથી આપીએ છીએ ત્યારે વગર માંગે જ બહુ જ વધારે આપણને મળે છે અને ક્યારે પણ નુકસાનમાં રહેતા નથી.



જ્યારે આપણે આવું કરીએ છીએ ત્યારે આપણે જાણીએ છીએ કે કાં તો આપણને તે પરત મળી જાય છે કે પછી હાલાત બદલાઈ જાય છે અને આપણે એને આપવાની જરૂર પડતી નથી. જ્યારે આપણે બીજાઓ માટે કંઈક ત્યાગ કરીએ છીએ, આપણે પ્રભુના આભાર મંદ પણ હોઈએ છીએ કે આપણે સ્વાર્થી બનવાની જગ્યાએ બીજાઓની મદદ કરવાનો નિર્ણય લીધો.

જો આપણે સ્વાર્થી બનીએ છીએ તો હંમેશા પોતાની જાતને અફસોસ અને પશ્ચાતાપથી ભરેલ અનુભવીએ છીએ અને હંમેશા દુઃખ રહે છે કે આપણે એવું ના કર્યું. જોકે આપવાથી આપણે ક્યારેય અફસોસ કે દુઃખ મહેસુસ કરતા નથી. જ્યારે આપણે કોઈની મદદ કરીએ છીએ ત્યારે ન ફક્ત આ સંસારમાં પુરસ્કૃત થઈએ છીએ પરંતુ બીજી દુનિયામાં પણ આનું ફળ પ્રાપ્ત થાય છે. બીજાઓને આપવાથી મળતા આનંદથી વધારે આનંદ કોઈ નથી. તે આપણા દિલને પ્રેમ અને આણંદ થી ભરી દેશે. જે લોકો નિસ્વાર્થ ભાવથી આપે છે તેઓ એ અનુભવ કરે છે કે આપવાથી કંઈ પણ ઓછું થતું નથી પરંતુ તેનાથી વધારે અને વધારે પિતા પરમેશ્વરના આશીર્વાદ પ્રાપ્ત થાય છે. અને તેમનું હૃદય ઈશ્વરીય પ્રેમથી તરબતર થઈ જાય છે.

# દવા વગર સ્વસ્થ રહી શકાય, થઈ પણ શકાય

ચિકિત્સા માટેનો શ્રેષ્ઠ વિકલ્પ
વૈકલ્પિક ચિકિત્સા પદ્ધ્ધતિ
(પુસ્તક વિમોચન અને સેમિનાર)
મિશન જાગૃતમ્ ફાઉન્ડેશન દ્વારા સ્તુત્ય પ્રયાસ

શું તમે માનશો...!
આસનો, પ્રાણાયામ અને ધ્યાન દ્વારા સ્વાસ્થ્ય કેળવી/ મેળવી શકાય ?

માત્ર હાથની આંગળીઓ પર મેગ્નેટ બાંધવાથી તાત્કાલિક દુઃખાવા દુર થઈ શકે ?

માત્ર આહાર - વિહાર માં ફેરફાર કરવાથી જુના રોગોમાંથી પણ મુક્તિ મળે ?

રાજકોટ માં બેઠા - બેઠા,
રશિયામાં સારવાર આપી શકાય ?

રંગ દ્વારા, સંગીત દ્વારા, પંચગવ્ય કે વાતચીત દ્વારા,
શારીરિક/ માનસિક રોગોની સારવાર થઈ શકે ?
એ પણ કોઈ મોટા/ ખોટા ખર્ચ કે આડઅસર વિના
કાર્યક્રમ અને પુસ્તક પ્રકાશન દ્વારા,
સ્વાસ્થ્ય જાગૃતિ માટે કાર્ય કરતી જાણીતી સંસ્થા મિશન જાગૃતમ્ ફાઉન્ડેશન ના નેજા હેઠળ લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં લઈને દવા વગરની વૈકલ્પિક ચિકિત્સા પધ્ધતિઓ પર એક પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

આ સાથે રાજકોટ ક્ષેત્રે કાર્ય કરતા વૈકલ્પિક ચિકિત્સકોની યાદી પણ તૈયાર કરવામાં આવી છે.
આ પુસ્તકમાં યોગ, નેચરોપથી, સુજોક, એક્યુપ્રેશર, મુદ્રા ચિકિત્સા, સાયકોલોજી, એક્યુપંક્ચર, રેકી, પ્રાણિક હીલિંગ, કપિગ થેરાપી, સાઉન્ડ હીલિંગ, પંચગવ્ય ચિકિત્સા, મ્યુઝિક થેરાપી, રંગ ચિકિત્સા, જેવા વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવેલ છે.
રાજકોટની સ્વાસ્થ્ય પ્રેમી જનતાને આ કાર્યક્રમમાં પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.
આપના સંપર્કમાં રહેલ આ વિષયમાં રસ ધરાવતા મિત્રોને પણ આ મેસેજ મોકલી જાણ કરશો.

# માય આઇકાર્ડ:આઈ એમ ધ ઇન્ડિયન

મિત્રો માતાના ગર્ભમાં રહેલા ભ્રુણની રક્ષા, જન્મેલા બાળકની રક્ષા, શાળાના વિદ્યાર્થિની રક્ષા, તમારાં ખાલી પેટની રક્ષા, તમારાં નાણાંની રક્ષા, તમારી સુરક્ષાની , વાહનની રક્ષા, તમારાં આવાસની રક્ષા, અને તમો રામ રહીમ, ઈશ્વર અલ્લાહ પ્યારા થઈ જાઓ તો તમારાં અચેતન શરીરની રક્ષા.

અને જો કોઈ કારણસર અકસ્માત દુર્ઘટનાનો ભોગ બનો તો તમારાં પરિવારની રક્ષા.

આ માટે તમારા ખિસ્સામાં કોઈ ઓળખકાર્ડ હોય કે ના હોય.

બર્થકાર્ડ, રાશનકાર્ડ, સ્કૂલ આઈડેન્ટીકાર્ડ, આધારકાર્ડ, પાનકાર્ડ, એટીએમકાર્ડ, ક્રેડિટકાર્ડ. હેલ્થકાર્ડ પત્રકાર કે આરટીઆઇ કાર્યકર્તા કે કોઈ એનજીઓ, ટુજી , થ્રીજી, કે વોડાફોન કે જીઓનું બીમ થીમ સીમકાર્ડ હોય કે ના હોય.

આ બધાં ઓળખકાર્ડ કરતાંય આપણી ભારતીય હોવાની ઓળખ મોટી છે.

કોઈ કાર્ડ કોઈ મફત નથી આપતું.

સરકાર અને જુદી જુદી સંસ્થાઓ ""દુકાન " ચલાવે છે.

કાર્ડ વેચે છે અને માણસ વેચાઈ જાય છે. માણસ જીવતો હોય અને કાર્ડ રીન્યું કરવા કરાવવા પડે. એનો ચાર્જ ચૂકવવો પડે છે.

લોભિયા હોય ત્યાં ધુતારા ભુખે નથી મરતાં.

ખોટું કરનારાને કોઈ કાર્ડ કોઈ સંસ્થાનું સભ્યપદ બચાવતું નથી.

આ વાતની મજબૂત ગાંઠ વાળી લો.

નાગરીક મોટો કે સંસદસભ્ય, કલેક્ટર કે સચીવ કે આઈપીએસ કે આઇએએસ?

નાગરીક મોટો કે પત્રકાર?
રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ?
ન્યાયાધીશ કે નાગરીક?
ભારત દેશ એ લોકતાંત્રિક ગણરાજ્ય છે.
સૌથી મોટું સંવિધાન છે.
કાયદો કોઈની દાસી નથી.

જાણો છો ને !

ન્યાયાધીશ,કલેક્ટર, સાંસદ કે કોઈ પક્ષનો પ્રમુખ,ગુનેગાર નું સ્થાન કારાવાસ, જેલ જ છે.

જાણો છો?કેટલાંય આઇએએસ, આઈપીએસ, સાંસદસભ્ય અને ધારાસભ્ય જેલના સળીયા ગણે છે.

મારાં ખિસ્સામાં પત્રકારનું કે આરટીઆઇ કાર્યકર્તાનું ઓળખકાર્ડ હોઈ એ કિંમતી નથી કે જરુરી નથી.

હું ભારતનો નાગરીક છું બસ એ જ જરૂરી છે.
હિન્દુ હી આગે?
મુસ્લીમ હી આગે?
બધાંય કરતાં " ભારતીય આગે !

ઘણાં લોકો ટોળે વળે, ભેગાં મળીને પોતાનાં ટોળાં ટોળકીનું નામ નકકી કરે, એની નોંધણી કરાવે, રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર મેળવી લે.

સારું કામ કરવાં કોઈ સંસ્થા મંડળ એનજીઓ બનાવવાં જરુરી નથી.

માણસ વ્યકિત એનાં કામથી શોભે છે. ખિસ્સામાં રહેલા સ્માર્ટકાર્ડની કોઈ કિંમત નથી.

આપણને ભારતીય હોવાનું ગૌરવ હોવુ જોઈએ અને એકબીજા પ્રત્યે, જીવમાત્ર પ્રતિ સ્નેહ હોવો ઘટે.
પ્રતિજ્ઞાઃ ભારત મારો દેશ છે અને બધાં ભારતીય મારાં......
oooooo
દિપક પટેલ....સુરત

# હૃદયનું મંચ



લેખક : ડૉ. ચિરાગ જાની

હૃદયનોવારંવારલાગણીઓઅને પ્રેમ ના હાર્દનું પ્રતિનિધિત્વ કરવામાટેસકારાત્મક રીતે ઉપયોગ થાય છે. હૃદયને વારંવારઆપણી સૌથી નોંધપાત્ર અને કિંમતી લાગણીઓના ભંડાર તરીકે ગણવામાં આવે છે. દાખલા તરીકે, જો કોઈ દયાળું અને સહાનુભૂતિશીલ હોય, તો આપણે કહી શકીએ કે તેમનું હૃદય વિશાળ છે. જોઆપણામાં કોઈના માટે મજબૂતઅને કાયમી પ્રેમ હોય, તો આપણેજાહેર કરી શકીએ છીએ કે આપણે તેને પૂરા હૃદયથી પ્રેમ કરીએ છીએ. હિંમત અને શક્તિનેદર્શાવતા માટે પણ "હૃદય" શબ્દનો વારંવાર ઉપયોગ કરવામાં આવે છે.

હૃદયની અનુભૂતિની દુનિયામાં ભાવાત્મક અને આધ્યાત્મિક પાસાઓનો નિર્દેશકરે છે. આપણી અત્યંત તીવ્ર લાગણીઓ, પ્રેમ, આનંદ, નિરાશા અને ભય વગેરે આપણા જીવનના અર્થ અને હેતુની ભાવના સાથેજોડાયેલું છે. બે પ્રદેશો એકબીજાને બાકાત રાખતા નથી ,તેઓ વારંવાર જોડાયેલા હોયતેવી રીતે આપણા વિચારો અને લાગણીઓ બન્ને પર અવારનવારએકબીજાની અસર થતી હોય છે. હૃદયની લાગણીઓનું બ્રહ્માંડ જટિલછે.આ જટિલ દુનિયાને સમજવા અથવા સંચાલિત કરવા માટે સરળ નથી.

વિશ્લેષણાત્મક બુદ્ધિના અંતઃસ્ફુરણાનાહૃદય સાથે સંકલનને આધ્યાત્મિકતાની દ્રષ્ટિએ હૃદય સાથે મનનો સાક્ષાત્કાર તરીકે ઓળખવામાંઆવે છે. વિચાર અને લાગણીએક કરવાની પ્રક્રિયાવધારેસંપૂર્ણતાનો અનુભવ કરી શકી સહાય છીએ. હૃદયનેઆપણી પ્રકૃતિના ભાવનાત્મકઅને બુદ્ધિનેવિશ્લેષણાત્મક તરીકે જોવામાં આવે છે. હૃદય આપણનેઆપણા પોતાના આંતરિક સત્ય સાથે જોડાવામાંઅને મન આપણી આસપાસની દુનિયાને સમજવામાં આપણનેમદદરૂપ થાય છે.કોઈ પણ વ્યક્તિને દિલથી ચાહવાથી તેને કોઈપણ પ્રકારની શરતો અને અપેક્ષાઓ કે નિર્ણય વિના પ્રેમ કરવો પડે છે.હૃદયએ મચસંબંધ તરીકેઘણી વાર આપણે આપણી લાગણીઓ વ્યક્ત કરીએ છીએ, જ્યારે હૃદયને આપણી લાગણીઓનુંકેન્દ્ર કહેવામાં આવે છે. કોઈને તમારા હૃદય પર જીતવા માટેનિષ્ઠાવાન અને સાચા બનવાનો પ્રયત્ન કરો. તમારી જાતનેબને એટલુ વાસ્તવિક વ્યક્તિત્વને પસાર થવા દો. તમારી સમાનતા સાપેક્ષતામાં વધારો કરે ત્યારે બીજી વ્યકિતને તમારી હાજરીમાં વધુ સરળતા અનુભવશે. સહાનુભૂતિશીલઅને વિચારશીલથી બીજી વ્યકિતને તમારી જરૂર હોયત્યારે તેમની સાથે રહીને, વાતચીત કરવાની જરૂર હોય ત્યારે તેમના પર ધ્યાન આપીને, અનેતમારો ટેકો પૂરો પાડીને, તેમના માટે તમારીચિંતા દર્શાવી શકો છો. આનાથીવ્યક્તિ તરીકેમાનવા પરવિશ્વાસ કરી શકે છે અને તેમને મૂલ્યઅને પ્રશંસાની ભાવનામળે છે. માયાળુ અનેસમજદાર બનો. દરેકને અનુભવોની દષ્ટિબિંદુઓથી અન્ય લોકો શુંકહેછે તેની કદરકરવી ખૂબ જ જરૂરી છે.બીજાનું દિલ જીતવા માટે સમય, પુરુષાર્થ અને નિષ્ઠાપૂર્વકસાચાઅને નિર્ણાયકની પ્રથમ પગથયું છે.

# હિંદુ રાષ્ટ્ર સ્થાપનાનો સંકલ્પ પૂર્ણ કરવા માટે જ અમારો જન્મ થયો છે !

મારે હિંદુત્વ માટે જીવવું છે. આજે નહીં તો કાલે, મૃત્યુ તો નક્કી છે જ, તો પછી ઈતિહાસમાં નોંધ થાય, એવું મરણ શા માટે ન જોઈએ ? દેશ અને ધર્મ માટે અમે મરી જવા પણ સિદ્ધ છીએ. હિંદુ રાષ્ટ્રની સ્થાપનાનો સંકલ્પ પૂર્ણ કરવા માટે અમારો જન્મ થયો છે. તેલંગાના અને આંધ્રપ્રદેશ ખાતે રાજ?યકર્તાઓ ધર્માંધોની ચાપલૂસી કરી રહ્યા છે. મુસલમાનોની ચાપલૂસી માટે મસ?જિદો બાંધવી, મદરેસાઓને અનુદાન આપવું, મૌલવીઓને વેતન આપવું, આ માટે નિધિ આપવામાં આવે છે; ગોરક્ષણ કરનારા હિંદુઓ પર ગુનાઓ પ્રવિષ?ટ કરવામાં આવે છે. બંગાળની જેમ તેલંગાનામાં પણ હિંદુઓ પર અત?યાચાર ચાલુ છે, એવું પ્રતિપાદન ‘તેલંગાના ખાતેના ભાજપના પ્રખર હિંદુત?વનિષ?ઠ ધારાસભ?ય શ્રી. ટી. રાજાસિંહે કર્યું. તેઓ ‘વૈશ?વિક હિંદુ રાષ?ટ્ર મહોત?સવ’માં ‘તેલંગાના ખાતેની હિંદુદ્રોહી સરકારની દમનનીતિ, તેમજ હિંદુ રાષ?ટ્ર માટે સંઘર્ષ’ આ વિષય પર બોલી રહ્યા હતા. ટી. રાજાસિંહે ઉમેર્યું કે, ‘‘મને હિંદુ ધર્મ પરના પ્રહારો રોકવા માટે અને હિંદુત?વના રક્ષણ માટે હિંદુઓએ ચૂંટી દીધો છે. અનેક રાજ?યોમાં હિંદુઓની હત?યા થઈ રહી છે અને આગામી સંકટો વિશે હિંદુઓ અજાણ છે. પોતાના રક્ષણ માટે હિંદુ યુવક અને યુવતીઓએ સ?વસંક્ષણ પ્રશિક્ષણ લેવું આવશ?યક છે. તો જ હિંદુઓ પોતાનું અને ધર્મનું રક્ષણ કરી શકશે. સર્વ હિંદુઓએ એકત્રિત આવીને ભારતને હિંદુ રાષ?ટ્ર ઘોષિત કરવાની માગણી કરવાથી ભારત હિંદુ રાષ?ટ્ર થવામાં સમય લાગશે નહીં. હિંદુ રાષ?ટ્ર માટે હિંદુઓએ સરકાર પર દબાણ લાવવું જોઈએ.

# ‘વૈશવિક હિંદુ રાષ્ટ્ર મહોત્સવ’માં ૭૨૫ હિંદુત્વનિષ્ઠોનો ઉત્સ્ફૂર્ત સહભાગ !

- સદ્‌ગુરુ (ડૉ.) ચારુદત્ત પિંગળે

મહારાષ્ટ્ર મંદિર મહાસંઘ વતી મહારાષ્ટ્રમાં ૧૩૧ મંદિરોમાં વસ્ત્રસંહિતા લાગુ થયા પછી કર્ણાટક, છત્તીસગઢ, દિલ?લી, ઉત્તર પ્રદેશ આદિ અનેક રાજ?યોમાં પણ ‘મંદિર મહાસંઘ’ની સ?થાપના કરવાની માગણી આવી છે. તે અનુસાર સંબંધિત રાજ?યોમાં મહાસંઘ સ?થાપન કરવામાં આવશે. તેમજ તે દ્વારા ૧૦૦૦થી વધારે મંદિરોમાં વસ?ત્રસંહિતા લાગુ કરવાનું ધ?યેય નિશ?ચિત કરવામાં આવ?યું છે. તેમજ ‘ધ કેરલ સ?ટોરી’ ચલચિત્ર પછી સમગ્ર દેશમાં લવ-જેહાદની ભીષણતા દર્શાવનારાં અનેક પ્રકરણો સામે આવી રહ્યા છે. આવા સમયે હિંદુ છોકરીઓ અને વાલીઓમાં અધિક જાગૃતિ કરવી આવશ?યક હોવાથી લવ-જેહાદના વિરોધમાં સમગ્ર વર્ષ અભિયાન હાથ ધરવામાં આવવાનું છે. તેમજ હિંદુ રાષ?ટ્ર સ?થાપનાના ઉદ્દેશથી હિંદુહિતના ઉપક્રમોને વેગ આપવા માટે જિલ?લો, રાજ?ય અને રાષ?ટ્રીય સ?તર પર હિંદુ સંગઠનોનું એકત્રીકરણ કરીને સમગ્ર દેશમાં ‘હિંદુ રાષ?ટ્ર સમન?વય સમિતિઓ’ સ?થાપન કરવામાં આવશે, એવી માહિતી હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ?ટ્રીય માર્ગદર્શક સદ્‌ગુરુ (ડૉ.) ચારુદત્ત પિંગળેએ ‘વૈશ?વિક હિંદુ રાષ?ટ્ર મહોત?સવ’ના સમાપન સમયેની પત્રકાર પરિષદમાં આપી.

ફોંડા, ગોવા ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં તેઓ બોલી રહ્યા હતા. આ સમયે ત્રિપુરા ખાતેના ‘શાંતિ કાલી આશ્રમ’ના પૂ. ચિત્તરંજન સ?વામી મહારાજ, ‘ગોમંતક મંદિર મહાસંઘ’ના સચિવ શ્રી. જયેશ થળી, ‘હિંદુ જનજાગૃતિ સમિતિ’ના રાષ?ટ્રીય પ્રવક્તા શ્રી. રમેશ શિંદે અને હરિયાણા ખાતેના ‘વિવેકાનંદ કાર્ય સમિતિ’ના અધ?યક્ષ શ્રી. નીરજ અત્રી ઉપસ?થિત હતા.

સદ્‌ગુરુ (ડૉ.) ચારુદત્ત પિંગળેએ ઉમેર્યું કે, ‘જો હિંદુ હિત કી કેવલ બાત નહી, તો જો હિંદુ હિત કા કાર્ય કરેગા’ આ ધોરણ અનુસાર હિંદુ રાષ?ટ્ર અને હિંદુહિતનાં સૂત્રો પર કાર્ય કરવાનું

## ૧ હજાર મંદિરોમાં વસ્ત્રસંહિતા; જ્યારે સમગ્ર વર્ષ ‘લવ-જેહાદ’ના વિરોધમાં અભિયાન હાથ ધરવામાં આવશે !

વચન આપનારા રાજકીય પક્ષો અને પ્રમાણિક લોકપ્રતિનિધિઓને જ વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં હિંદુઓનું પીઠબળ મળશે, એવો નિર્ધાર સહુએ વ?યક્ત કર્યો. આ અધિવેશનમાં નેપાળ અને ભારત સહિત ૨૨ રાજ?યોમાંના ૩૫૦ થી વધુ સંગઠનોના ૭૨૫ થી વધુ પ્રતિનિધિઓ ઉપસ?થિત હતા.

‘હિંદુ જનજાગૃતિ સમિતિ’ના રાષ?ટ્રીય પ્રવક્તા શ્રી. રમેશ શિંદેએ કહ્યું કે, આ અધિવેશનમાં ભારત અને નેપાળને હિંદુ રાષ?ટ્ર ઘોષિત કરવા; લવ-જેહાદ, ધર્માંતર અને ગોવંશ હત?યા વિરોધી કઠોર કાયદાઓ કરવા; હલાલ સર્ટિફિકેશન પર પ્રતિબંધ મૂકવો; મંદિરોનું સરકારીકરણ રહિત કરવું; ‘પ?લેસેસ ઑફ વર્શિપ એક?ટ’ અને ‘વક?ફ’ કાયદાઓ રહિત કરવા; જનસંખ?યા નિયંત્રણ કાયદો કરવો; કાશ?મીરી હિંદુઓનું પુનર્વસન આદિ વિષયો પર ‘હર હર મહાદેવ’ના જયઘોષમાં એકમતથી ઠરાવ સંમત કરવામાં આવ?યા છે.

તે સાથે જ હિંદુ રાષ?ટ્રની સ?થાપના વિશે સમાજમાં જાગૃતિ લાવવા માટે સમાનસૂત્રી કાર્યક્રમોના અંતર્ગત ‘લવ-જેહાદ’ તેમજ ‘હલાલ જેહાદ’ના સંદર્ભમાં જનજાગૃતિ બેઠકો અને આંદોલનો’, ‘હિંદુ રાષ?ટ્ર સમન?વય સમિતિ’, ‘હિંદુ રાષ?ટ્ર અધિવેશન’, ‘મંદિરોમાં પ્રબોધન બેઠક’, ‘રાજ?ય સ?તર પર મંદિર પરિષદનું આયોજન કરવું’ ઈત?યાદિ વિવિધ ઉપક્રમો આગામી સમગ્ર વર્ષમાં હાથ ધરવાનું અધિવેશનમાં નક્કી કરવામાં આવ?યું છે.

આ સમયે ‘ગોમંતક મંદિર મહાસંઘ’ના સચિવ શ્રી. જયેશ થળીએ કહ્યું કે, આ અધિવેશનમાં સમગ્ર દેશમાંથી મંદિર ન?યાસીઓ સહભાગી થયા હતા. તેમાં ‘મંદિરો સરકારીકરણ અને અતિક્રમણમાંથી મુક્ત કરવા’ આ પ્રમુખ માગણી સાથે જ સમગ્ર દેશમાં ‘મંદિર સંસ?કૃતિ રક્ષણ અને સંવર્ધન’ માટે કર્ણાટક, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, દિલ?લી આ રાજ?યોમાં રાજ?યસ?તરીય મંદિર પરિષદોનું આયોજન કરવાનું નક્કી થયું છે. આના દ્વારા ૧૦૦૦ મંદિરોમાં વસ?ત્રસંહિતા લાગુ કરવા માટે પ્રયત્ન કરવામાં આવશે. તેમજ મંદિરોની પવિત્રતા ટકાવી રાખવા માટે ‘મંદિર પરિસર મદ્ય-માંસ મુક્ત અભિયાન’ હાથ ધરવામાં આવશે. ત્રિપુરા ખાતેના ‘શાંતિ કાલી આશ્રમ’ના પૂ. ચિત્તરંજન સ્વામી મહારાજે કહ્યું કે, સમગ્ર દેશમાં ખાસ કરીને ઈશાન?ય બાજુના રાજ?યોમાં થઈ રહેલું હિંદુઓનું ધર્માંતર આ મોટી સમસ?યા છે. સ?વતંત્રતાવીર સાવરકરે ‘ધર્માંતર એ રાષ?ટ્રાંતર’ હોવાનું કહ્યું હતું તે આપણે મણિપુરમાં ચાલી રહેલા હિંસાચાર પરથી અનુભવી રહ્યા છીએ. આવા પ્રકાર અન?ય રાજ?યોમાં થાય નહીં તે માટે કઠોર ધર્માંતરવિરોધી કાયદો તુરંત કરવાની આવશ?યકતા છે. તેમજ ગ્રામીણ ક્ષેત્રમાં હિંદુઓને ધર્મશિક્ષણ પ્રદાન કરનારાં કેંદ્રો ઊભા કરવા જોઈએ.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




N.O.G. S.S No. - 152
વિષય - પરંપરા
પ્રકાર - પદ્ય
શીર્ષક - પરંપરા
શબ્દો - ૫૪
કવિ - દિલીપ ધોળકિયા,"શ્યામ"
જૂનાગઢ.

સંસ્કૃતિની સાચી રખાવટ પરંપરા છે.
એક અનુભવની છણાવટ પરંપરા છે.

ક્યાંક ખોટાં મારગે ચાલ્યા પણ કરે,
ગાડરિયા પ્રવાહે બનાવટ પરંપરા છે.

સારા કે ખોટા જીવન પ્રયોગો પછી,
સાર ને અસારની મિલાવટ પરંપરા છે.

ક્યાંક જીવન ધ્યેય તો ક્યાંક સિદ્ધાંતો,
સંચિત સંસ્કારની વાછટ પરંપરા છે.

સમાજ કે પરિવારનો વારસો બનીને,
યુગોની ચાલતી જમાવટ પરંપરા છે.

દિલીપ ધોળકિયા,"શ્યામ"
જૂનાગઢ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્રંટ જીજી ર્દ્ર : ૦૧૧૦
વિષય : પરંપરા
શીર્ષક : 'પરંપરાઓને સુખાકારીનું નિમિત્ત બનાવીએ'
શબ્દો : ૩૩૮
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

રોજબરોજના વ્યવહારમાં આપણું જીવન કેટકેટલી પરંપરાઓથી ઘેરાયેલું રહે છે. આ પરંપરાઓ આપણા જીવનનો એક ભાગ છે. વર્ષોથી પેઢી દર પેઢી કુટુંબમાં અને સમાજમાં અમુક પરંપરાઓ નિભાવાતી હોય છે. આ પરંપરાઓ એક નિયમ બની જાય છે, જેનો કુટુંબમાં દરેક વ્યક્તિ અમલ કરે છે. વર્ષો જૂની આ પરંપરાઓ સ્થાપિત થવા પાછળ કોઈક ઘટના કે કોઈ કારણ પણ જવાબદાર હોઈ શકે છે. જૂની પેઢીઓ અચૂક આ પરંપરાઓને ચીવટપૂર્વક અનુસરે છે. નવી પેઢી આજના બદલાતા સમય અનુસાર પરંપરાઓને અનુસરવામાં થોડી છૂટછાટ લે છે.

પરંપરાઓ ધાર્મિક હોઈ શકે છે અને સામાજિક પણ હોઈ શકે છે. ધાર્મિક પરંપરાઓ ભૂતકાળમાં ઘટેલી સારી કે નરસી ઘટનાઓના ફળસ્વરૂપ અસ્તિત્વમાં આવી હોય છે. તે અમુક માન્યતાઓની પૂર્તી માટે અને ઈશ્વરીય શક્તિને રીઝવવા માટે નિર્માણ થયેલી હોય છે. તેને કુટુંબની સુખાકારી સાથે જોડવામાં આવે છે. આ પરંપરાઓને અનુસરવાથી કુટુંબની દરેક વ્યક્તિઓ ઉપર ઈશ્વરની કૃપા હંમેશા બની રહે એવી દઢ માન્યતા જોડાયેલી હોય છે. જ્યારે સામાજિક પરંપરાઓ સમાજના અંગ જેવા દરેક લોકોને સમૂહમાં શિસ્ત અને પરસ્પર માનસન્માનની લાગણી દર્શાવવા પ્રેરે છે. આનાથી સમાજમાં સુવિચાર, સદવર્તન અને સુખાકારી પ્રસરે છે.

રીતિરિવાજો અને પરંપરા એ બે અલગ બાબત કહી શકાય. રીતિરિવાજો એક સામાજિક વ્યવસ્થાના ભાગરૂપે ઉભા કરવામાં આવેલા હોય છે. એને પરંપરાઓ સાથે સીધું લાગતું વળગતું નથી. આજના સમયની માંગ અનુસાર રીતિરિવાજોમાં જરૂરી બાંધછોડ કરીને પણ પરંપરાઓ જાળવી શકાય છે. પરંપરાઓ મૂળ સ્વરૂપે ન સચવાતી હોય છતાં તેનો મૂળ ઉદ્દેશ જળવાઈ રહે તે રીતે તેને અનુસરવામાં આવે તો તે પણ આવકાર્ય છે. વડીલોનું માનસન્માન જળવાઈ રહે અને કૌટુંબિક તથા સામાજિક માળખું અડીખમ રહે તે પ્રકારે પરંપરાઓને મહત્વ આપવું જોઈએ. મનુષ્યની સુખાકારી માટે પરંપરાઓ છે પરંતુ પરંપરાઓ મનુષ્ય માટે બંધનકર્તા ન થવી જોઈએ. તેનું યોગ્ય અર્થઘટન સાથે આચરણ થવું જોઈએ.

કૌટુંબિક કે સામાજિક પરંપરાઓ જ્યારે નવી પેઢીને બંધનકર્તા લાગવા લાગે ત્યારે ત્યારે તેને વૈચારિક અને તાર્કિક રીતે મૂલવવી જરૂરી બની જાય છે. જે જુનવાણી પરંપરાઓ તેનો મૂળ હેતુ ગુમાવી ચુકી હોય તેને ફગાવી દેવામાં જ શાણપણ છે. એ જ રીતે જે કૌટુંબિક અને સામાજિક પરંપરાઓ સુખ અને શાંતિને આમંત્રિત કરતી હોય તેને સહુ ના હિતમાં સહર્ષ વધાવવી અને જાળવવી જરૂરી બની રહે છે અને એવી સ્વીકૃત પરંપરાઓ મનુષ્યની સુખાકારી માટે નિમિત્ત બને છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૨૩ જૂન ૨૦૨૩

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No :0038
વિષય...પરંપરા
વિભાગ .. પદ્ય
શીર્ષક ...જિંદગી
======..===========================

પરંપરા હતી એ જીવન સાથે જોડાઈ ગયેલી
મને કમને કેટલીય જિંદગી અહી ઢોંડાઇ ગયેલી

ઉછેર્યો છોડ તુલસીનો ને કુંડા સાથે સોપી દીધો
કાળજુ કરી કઠણ એ પરંપરા બાપે નીભાવેલી.

વહેવું હતું ઝરણું બની અને આંબવું હતું આભને,
રિવાજની બેડીએ એને જાણે પાંજરે પુરાવેલી,

ઘુઘવાતા સમુદ્રમાં શાંત નદી બની સમાઈ ગઈ,
દહેજની આગમાં ભર્યા જળમાં સડગાવેલી,

છાયો હતો અંધકાર આવ્યું વંટોળ એ જીવનમાં,
મા એ લાલ ચુંદડી દીકરીને ચીસ પાડી ઓઢાડેલી,

??શીલા પટેલ "આકાંક્ષા"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

*NOG SS No. : 0141*
★વિષય : પરંપરા★
★શીર્ષક : ઘરેડ.★
★શબ્દો : ૯૫★
★લેખકનું નામ : રસિકભાઈ વી પરમાર "રવ"★

પરંપરાથી,
ચાલ્યું આવતું; પોત,
પ્રકાશવાનું !

પરંપરા છે,
સત્ય, માની લઈને;
મૂર્ખ ન બનો !

પારધી હતો,
શિકાર થયો, છતાં;
પરંપરાનો !

ચાલવું રહ્યું,
પરંપરા તોડીને;
નવા મારગે !

ચીલા ચાલુને,
ઉદ્ધાર કેવો ? શુદ્ધ,
પરખ વિના !

ઘેટાશાહીમાં,
સૌ પરંપરાગત;
જાય છે રહી !

વિરોધ કરી,
ખોટાનો, છૂટી જાવ;
ઘરેડમાંથી !

ઠોકર ખાઈ,
ચીલો ચાતરું, નવો,
બીજાને વાસ્તે !

બીબાઢાળ,
રહ્યો, પડકારી ન;
પરંપરાને !

અથાગ યત્ને,
જ, તૂટે પરંપરા;
મચ્યા રહેવું !

દિવ્ય ગુણોને
આપતી પરંપરા;
રાખો જાળવી !

આદર દેવો,
સરસ પરંપરા;
મળે સન્માન !

પરંપરા એ,
પૂજતા રહો, સદા;
માતાપિતાને !

રસિકભાઈ વી પરમાર "રવ" વસાઈ-ફિંચાલ (પાટણ, ઉ.ગુ.)

# એમસીએક્સ પર કોટનના વાયદાના ભાવમાં ખાંડીદીઠ રૂ.૫૬૦નો કડાકો: મેન્થા તેલમાં સુધારો

## સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહ: ક્રૂડ તેલમાં નરમાઈ: નેચરલ ગેસમાં વૃદ્ધિ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૮,૨૮૮ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૨૧૩૨૨ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૨૮ કરોડનાં કામકાજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૪,૦૦,૨૫૪ સોદાઓમાં કુલ રૂ.૨૯,૬૩૮.૯૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮,૨૮૮.૦૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨૧૩૨૨.૯૨ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯૨,૧૮૦ સોદાઓમાં રૂ.૫,૦૧૦.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૧૩૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૩૪૯ અને નીચામાં રૂ.૫૮,૦૯૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૯ વધી રૂ.૫૮,૨૩૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૦૬ વધી રૂ.૪૭,૮૧૧ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૯ ઘટી રૂ.૫,૭૯૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧ વધી રૂ.૫૮,૧૭૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૬૭,૭૮૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૮,૧૪૧ અને નીચામાં રૂ.૬૭,૫૧૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૨૩ ઘટી રૂ.૬૭,૯૮૫ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૪૦૪ ઘટી રૂ.૬૮,૦૫૬ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૪૨૦ ઘટી રૂ.૬૮,૦૨૨ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૪,૮૧૦ સોદાઓમાં રૂ.૧,૫૪૩.૭૩ કરોડના વેપાર થયા હતા. તાંબુ જૂન વાયદો રૂ.૭૨૪.૫૫ના ભાવે ખૂલી, રૂ.૭.૨૫ ઘટી રૂ.૭૧૯.૬૦ જ્યારે એલ્યુમિનિયમ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩.૨૦ ઘટી રૂ.૧૯૬.૪૫ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. જસત જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨.૦૫ ઘટી રૂ.૨૧૪ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૩.૩૦ ઘટી રૂ.૧૯૬.૬૦ સીસુ-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ ઘટી રૂ.૧૮૨.૦૫ જસત-મિની જૂન વાયદો રૂ.૨.૧૦ ઘટી રૂ.૨૧૩.૯૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૭,૩૩૯ સોદાઓમાં રૂ.૧,૬૯૪.૯૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૬૭૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૬૮૫ અને નીચામાં રૂ.૫,૬૦૮ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૪ ઘટી રૂ.૫,૬૪૧ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૬૪ ઘટી રૂ.૫,૬૪૮ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૩ના ભાવે ખૂલી, રૂ.૧.૯૦ વધી રૂ.૨૧૫.૪૦ અને નેચરલ ગેસ-મિની જૂન વાયદો ૨.૧ વધી ૨૧૫.૫ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૩૮.૯૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૫,૪૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૨૦૦ અને નીચામાં રૂ.૫૫,૩૪૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૬૦ ઘટી રૂ.૫૫,૪૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭.૮૦ વધી રૂ.૮૮૯.૬૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૯૦૩.૮૩ કરોડનાં ૩,૨૬૮.૭૬૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૧૦૬.૫૯ કરોડનાં ૪૫૪.૪૯૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૮૪૯.૯૪ કરોડનાં ૧૫,૦૪,૪૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૮૪૫.૦૫ કરોડનાં ૩,૮૮,૨૧,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૨૩૯.૫૩ કરોડનાં ૧૨,૦૭૯ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૫૭ કરોડનાં ૩,૧૧૦ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૮૨૩.૨૫ કરોડનાં ૧૧,૩૮૦ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪૨૩.૯૫ કરોડનાં ૧૯,૭૫૮ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨૧.૨૯ કરોડનાં ૩,૭૯૨ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૭.૬૩ કરોડનાં ૧૯૫.૪૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૯૩૦.૪૭૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૦૮.૧૦૦ ટન, તાંબાના વાયદાઓમાં ૧૫,૦૨૫ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૫,૪૮૨ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૯૯૨ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૩,૯૫૦ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૨૦,૪૭,૪૮૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૩,૧૭,૭૦,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૨૨,૬૫૬ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૪૨.૭૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૭.૯૭ કરોડનાં ૩૫૯ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૧૨૩૫ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જૂન વાયદો ૧૫,૫૮૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૬૦૪ અને નીચામાં ૧૫,૫૧૦ બોલાઈ, ૯૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧ પોઈન્ટ વધી ૧૫,૫૮૬ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૨૧૩૨૨.૯૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૦૪૯.૦૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૭૪૭.૭ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૩૮૮૩.૮૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૬૪૦.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૪૬૫.૧૪ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૦૬.૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૪.૬૦ અને નીચામાં રૂ.૯૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪.૮૦ ઘટી રૂ.૧૦૭.૭૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૧૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨.૨૦ ખૂલી, ઉપરમાં રૂ.૩.૪૫ અને નીચામાં રૂ.૦.૬૦ રહી, અંતે કોઈ ફેરફાર વગર રૂ.૨.૭૦ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૪૯.૫૦ અને નીચામાં રૂ.૩૭૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩ ઘટી રૂ.૪૧૭.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૫ અને નીચામાં રૂ.૩૦ રહી, અંતે રૂ.૧૦.૫૦ ઘટી રૂ.૪૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૫ના ભાવે ખૂલી, રૂ.૪૫.૫૦ ઘટી રૂ.૧૦૫ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૬૬ના ભાવે ખૂલી, રૂ.૨૪૮ ઘટી રૂ.૧,૭૨૯

આભાર - નિહારીકા રવિયા થયો હતો. તાંબુ જુલાઈ રૂ.૭૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૬૬ વધી રૂ.૬ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫,૬૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૮૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૩૨.૫૦ અને નીચામાં રૂ.૧૮૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૮.૯૦ વધી રૂ.૨૨૭.૧૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨૫ ખૂલી, ઉપરમાં રૂ.૨.૩૦ અને નીચામાં રૂ.૦.૪૦ રહી, અંતે રૂ.૧.૧૫ ઘટી રૂ.૦.૭૫ થયો હતો.

# તું તારાં દિલનો દીવો થાને

અમે જ્યારે પાંચમી કે છઠ્ઠી કક્ષામાં ભણતાં હતાં ત્યારે ગુજરાતી ભાષાના પુસ્તકમાં, ઉપરોક્ત કવિતા આવતી હતી. "તું તારાં દિલનો દીવો થાને" મતલબ કે આપણે આપણાં આત્માને જગાડવાનો છે. જયાં સુધી આપણો અંતરાત્મા જાગૃત થશે નહીં ત્યાં સુધી કોઈ પણ કાર્ય સફળ કે સિદ્ધ થઈ શકશે નહિં. બીજાના આતમને જગાડતા પહેલાં આપણે પોતે આપણા આતમને જગાડવાની જરૂર છે. આપણે પોતે જ આપણા શરીરમાં બેઠેલાં દિપક સમાન આત્માને જગાડવાની જરૂર છે. આપણે આપણી જાતે જ આપણા શરીરમાં બેઠેલા આત્માને ઓળખવાની તાતી જરૂર છે અને એને જાગૃત કરવાનો છે. જેમ દિવો પોતે બળીને અન્ય વ્યક્તિઓને પ્રકાશ આપે છે અને અંધકારને દૂર કરે છે, તેવી જ રીતે આપણે પણ આપણા આતમને જગાડીને અન્ય વ્યક્તિઓને સુખી કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. હિન્દી ફિલ્મ ઉદ્યોગના શૉ મેન સ્વ. શ્રી રાજકપૂર સાહેબની આગ ફિલ્મની એક કડી મને યાદ આવે છે " જિંદા હું ઈસ તરહા સે ગમ એ જિંદગી, જલતા હુવા દીયા હું મગર રોશની નહિ". મતલબ કે આ રંજો ગમ ભરેલી જિંદગીમાં એવી રીતે જીવી રહ્યો છું કે, હું જાણે દીવાની જેમ સળગુ છું, પરંતુ કોઈને રોશની આપી શકતો નથી. કવિના કેહવાનો ભાવાર્થ એ છે કે જીંદગી કે જીવન કોઈને કામ ના લાગે કે કોઈને મદદકર્તા ના થાય તો, એ જીંદગી જીવવાનો કોઈ અર્થ સરતો નથી. જે દીવામાં તેલ પૂરેલું હોય તે જ દીવો અન્યને પ્રકાશ કે ઉજાસ આપી શકે છે, બાકી દીવાની ખાલી દિવેટ તો જરાક વારમાં બળીને ખાક થઈ જાયે છે. માટે આપણે પણ આપણા આતમરામને જગાડીને જ પરોપકારના કાર્યો કરવાના છે, બાકી આ ખોળીયાની કોઈ કિંમત નથી. ઘણાં લોકો એવા હોય છે કે, આખી જિંદગી દરમ્યાન અન્ય વ્યકિતઓને નડતા અને કનડતા હોય છે. આ સ્વાર્થી જગતમાં કોઈને મદદરૂપ કે સહાયકર્તા જે વ્યકિત હોય એની જ કિંમત અંકાય છે. શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક નામના કવિએ પોતાની એક રચનામાં લખ્યું છે કે " હજીએ ન જાગે મારા આતમરામ" આતમને જાગૃત કરવાનો મતલબ કે કોઈ કાર્ય કરવાનો કે સામાવાળી વ્યકિતને સહાયરૂપ થવાનો દઢ અને મક્કમ નિર્ણય કરવો. એક પ્રાર્થનામાં પણ એક વાત આવે છે કે "પૂજારી તારા આતમને ઓઝલમાં રાખ મા " અર્થાત્ પૂજારી તું તારા આતમને છુપાવીશ કે પરદામાં રાખ્યા વગર ખૂલ્લો જ રેહવા દે. મુગટલાલ જોષી નામના ભજનિક પોતાના એક ભજનમાં ગાય છે કે " આત્માને ઓળખ્યા વિના રે આ લખચોરાસી નહીં રે મટે રે જી". આમ મોટા ભાગના કવિ, લેખકોએ એક અથવા બીજી રીતે આતમને જગાડવાની રજુઆત કરેલી જ છે.

જ્યાં સુધી આપણો પોતાનો આત્મા જાગૃત નહીં થાય ત્યાં સુધી કોઈ અર્થ સરવાનો નથી." તું તારા દિલનો દીવો થાને" આ નાનકડા એકજ વાક્યમાં કવિ આખા જીવનનો સાર કહી દે છે.

યોગેશભાઈ આર જોષી

# ભાજપ ત્રણ દિવસ ડોર ટુ ડોર સંપર્ક કરશે, બુથ સ્તરે કરશે નાગરિકોની મુલાકાત




### ૨૫,૨૬,૨૭ જૂને વિસ્તારકો અને કાર્યકર્તાઓ ઘર ઘર સંપર્ક કરી કેન્દ્રની ભાજપા સરકારની ઉપલબ્ધિઓ અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના મજબૂત, નિર્ણાયક, દૂરંદેશી નેતૃત્વ અંગેની વાત પંહોચાડશે.

ગાંધીનગર ઉત્તર વિધાનસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૯ વર્ષ પૂર્ણ થવા પર તેમજ પ્રદેશ ભાજપની અલ્પકાલીન વિસ્તારક યોજના અંતર્ગત ૨૫,૨૬ અને ૨૭ જૂન ૩ દિવસ વિસ્તારકો અને કાર્યકર્તાઓ પ્રત્યેક બૂથમાં ઘર ઘર સંપર્ક કરી કેન્દ્રની ભાજપા સરકારની ઉપલબ્ધિઓ અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના મજબૂત, નિર્ણાયક, દૂરંદેશી નેતૃત્વ અંગેની વાત પંહોચતી કરશે. ભાજપની સુનિયોજિત સંગઠન વ્યવસ્થા અને કાર્યકર્તાઓની ફોજ એ ભાજપની મોટી તાકાત છે. ભાજપ સંગઠન હમેશાં વિવિધ કાર્યક્રમો થકી જનતા વચ્ચે રહે છે. સારા અને સંકટના બન્ને સમયે ભાજપાનો કાર્યકર્તા જનતાની પડખે ઊભો જણાય છે.

અલ્પકાલીન વિસ્તારક યોજના અંતર્ગત રાજયના તમામ વિધાનસભા ક્ષેત્રોમાં એક સાથે કાર્યશાળાનંવ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ, સંગઠન મહામંત્રી રત્નાકરજી, મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલાએ વર્ચ્યુઅલ માધ્યમથી ડોર ટુ ડોર સંપર્ક અભિયાનની કાર્યસૂચિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ગાંધીનગર ઉત્તર વિધાનસભાની કાર્યશાળાનું આયોજન સે.૨૮ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદેશ સંગઠનના મંત્રી અને ગાંધીનગર મહાનગરના પ્રભારી નૌકબેન પ્રજાપતિ, ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશ મકવાણા, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, ઉત્તર વિધાનસભાના વિસ્તારક પ્રવીણભાઈ પંડ્યા, મહામંત્રી કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, પૂર્વ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ), સંગઠનના હોદ્દેદારો, ચુંટાયેલા સભ્યો, બુથના વિસ્તારકો, બુથ પ્રમુખ, અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતેથી અલ્પકાલીન વિસ્તારક માર્ગદર્શન કાર્યશાળાને ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ વર્ચ્યુઅલી સંબોધી હતી.આ પ્રસંગે પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી,પ્રદેશ મહામંત્રીશ્રીઓ શ્રી પ્રદીપસિંહ વાઘેલા,શ્રી રજનીભાઈ પટેલ,શ્રી વિનોદભાઈ ચાવડા,પૂર્વ મહામંત્રી શ્રી કે.સી.પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## નોબલ વર્લ્ડ સ્કૂલની વિદ્યાર્થીનીઓ જવાહર નવોદયમાં સફળતા પ્રાપ્ત કરી

રાજુલા તાલુકાના ખાંભલીયા ગામે આવેલી નોબલ વર્લ્ડ સ્કૂલ એટલે કેવી સ્કૂલ જ્યાં બધી પ્રવૃત્તિઓ થાય તેમ જ બાળકોના સર્વાંગી વિકાસ માટેના કાર્યો થતા રહે છે. ગત ધોરણ ૧૦ નું શ્રેષ્ઠ પરિણામ આપી અને સમગ્ર તાલુકામાં ખુબ સરસ શિક્ષણની એક પ્રતિભા ઉભી કરવામાં શાળાની ઉમદા ભૂમિકા રહી છે . તાજેતરમાં આવેલ જવાહર નવોદયના પરિણામોમાં રાજુલા તાલુકામાં નોબલ વર્લ્ડ સ્કૂલની દીકરીઓ રાઠોડ શ્રદ્ધા મહેશભાઈ તેમજ પટેલ પ્રાંસી પ્રમોદભાઈ બંને શ્રેષ્ઠ પરિણામ આપી શાળાનું નામ ગૌરવ વધાર્યું છે. બાળકની કલા બાળકનું શિક્ષણ અને બાળકની તમામ પ્રતિભા ખીલવવા વર્લ્ડ સ્કૂલ હંમેશા પ્રયત્નશીલ રહી છે. સુંદર પરિણામ માટે સમગ્ર શાળા પરિવાર શ્રી સૌને ખૂબ ખૂબ અભિનંદન



## શ્રી રાજીવ પુરી, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા ૨૨.૦૬.૨૦૨૩ ના રોજ અમદાવાદ મુલાકાત

શ્રી રાજીવ પુરી, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા ૨૨.૦૬.૨૦૨૩ ના રોજ અમદાવાદ આવ્યા હતા. આ પ્રસંગે ટાઉન હોલ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટાઉનહોલ મીટીગમાં મોટી સંખ્યામાં સ્ટાફગણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે ઝોનલ હેડ કવિતા ઠાકુર સાથે અમદાવાદ ઝોનના તમામ રીજનલ હેડ પણ ઉપસ્થિત રહ્યા હતા. બેંકના સ્થાપકના ફોટાને પુષ્પાંજલી કરી અને દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.પોતાના સંબોધનમાં ઝોનલ હેડ અમદાવાદ સર્કલની વ્યવસાયિક કામગીરી વિશે માહિતી આપી હતી અને તમામ સ્ટાફ સભ્યોને બેંકના વ્યવસાયમાં સક્રિયપણે સહયોગ આપવા જણાવ્યું હતું. અમદાવાદ ઝોનના તમામ રીજનલ હેડ પોતપોતાના સંબોધનમાં બેંકના વ્યવસાયમાં આદરણીય એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સાહેબના યોગદાનની ચર્ચા કરી. તેમના મુખ્ય અતિથિ સંબોધનમાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી રાજીવ પુરીએ તમામ સ્ટાફ સભ્યોને બેંકના વ્યવસાય વિશે વર્તમાન માહિતી આપી હતી અને આશા વ્યક્ત કરી હતી કે આગામી સમયમાં બેંક વધુ સારા પરિણામો સાથે બહાર આવશે. તેમણે સ્ટાફના સભ્યોને વધુ જાગૃતિ સાથે કામ કરવા પર ખાસ ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં આભારવિધિ અમદાવાદના રીજનલ હેડ ડો. હિમાંશુ ગુપ્તા દ્વારા કરવામાં આવી હતી.

## બક્ષીપંચ મોરચા દ્વારા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના કાર્યોની માહિતી ઘરે-ઘરે પહોચાડવા માટે ૨૫ પ્રચાર રથનું પ્રસ્થાન પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે કરાવ્યું.



સમગ્ર ગુજરાતમાં ૭ દિવસ સુધી દરેક વિધાનસભામાં એક દિવસ પ્રચાર રથ ફરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ૯ વર્ષના વિવિધ કાર્યોના હિસાબની માહિતી આપશે.– શ્રી મયંકભાઇ નાયકવડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારને સમર્થન આપવા૯૦૯૦૯૦૨૦૨૪ નંબર પર મિસ કોલ કરી તેમજ પ્રચાર રથમાંપોસ્ટ કાર્ડના માધ્યમથી સમર્થન આપી શકાશે.– શ્રી મયંકભાઇ નાયક ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગરીબ, પિડિત, શોષિત, દલિત, વચિંત અને છેવાડાના માનવી માટે કેન્દ્રની ભાજપા સરકાર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં ૯ વર્ષથી કામ કરી રહી છે તે સંદર્ભે બક્ષીપંચ મોરચા દ્વારા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રચાર રથનો પ્રારંભ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના અધ્યક્ષસ્થાને તેમજ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી, પ્રદેશના મહામંત્રીશ્રીઓ શ્રી પ્રદિપસિંહ વાઘેલા,શ્રી રજનીભાઇ પટેલ,શ્રી વિનોદભાઇ ચાવડા, રાજય સરકારના મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, બક્ષીપંચ મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી સાગરભાઇ રાયકા તેમજ મોટી સંખ્યામાં કાર્યકરોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો .આ કાર્યક્રમ અંગે મીડિયાને માહિતી આપતા બક્ષીપંચ મોરચાના પ્રમુખશ્રી મંયકભાઇ નાયકે જણાવ્યું કે, આજે ડો.શ્યામા પ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ નિમિત્ત સમગ્ર ગુજરાતમાં ૭ દિવસ સુધી દરેક વિધાનસભામાં એક દિવસ પ્રચાર રથ ફરશે. કાર્યને મિસકોલથી સમર્થન આપવા ૯૦૯૦૯૦૨૦૨૪ નંબર પર મિસ કોલ કરી તેમજ પ્રચાર રથમાં પોસ્ટ કાર્ડના માધ્યમથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારને સમર્થન આપી શકે છે. ગુજરાતની ૨૬ લોકસભામાં આવતી ૧૮૨ વિધાનસભામાં આ પ્રચાર રથ ઘરે-ઘરે પહોંચી જનતાને કેન્દ્ર સરકાર અને રાજય સરકારના કાર્યોની માહિતી આપશે.



હાલમાં અમેરીકાના પ્રવાસે આવેલ ભારતના વડાપ્રધાન શ્રી નરેદ્ર મોદીજી ની વોશિંગટન ખાતે વ્હાઈટ હાઉસ મુલાકાત સમયે વીલીયમ્સબર્ગ,રીચમંડ વીસ્તાર ની ગુજરાતી નારીઓએ ગુજરાતી ગરબાની રમઝટ સાથે તેઓશ્રી ને વધાવ્યા હતા. જેમાં ઢોલી નીમેષ શેઠ સાથે પિયુષા ગજ્જર,નેહા પરીખ, પાયલ વોરા,ક્રીટા શેઠ,પ્રીયલ સોની, ભાંતી પટેલ, નીલમ આઝાદ, પાર્થવી શાહ, મીત શાહ, જૂલી કાબ્રાલો, હની પટેલ, જેની મહેતા સાથે દીશાંત શાહ સૌએ આ ગરબો રજુ કર્યો હતો... જ્યા ઢોલી નીમેશભાઈ ના ઢોલની રમઝટે શ્રી મોદીજી નું ખાસ ધ્યાન ખેંચ્યુ હતું અને ત્યારે તેઓશ્રી અમેરીકામાં રહેતા ભારતવાસી ઓ ને ખાસ મળવા માટે થોડીક ક્ષણો માટે ઉભા રહ્યા હતા.... હાથ મેળવ્યા અને સેલ્ફી પણ પડાવી..... તસ્વીર અહેવાલ: કાંતિભાઈ મિસ્ત્રી(કેલિફોર્નિયા)

## ખાનગી હોસ્પિટલમાંથી અમદાવાદ સિવિલમાં બ્રેઇનડેડ દર્દીને અંગદાન માટે લાવવામાં આવ્યા...



અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા સંતોકબેનને માથાના ભાગમાં ગંભીર ઇજા થતા અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતા. સંતોકબેન પટેલ સારવાર દરમિયાન બ્રેઈનડેડ જાહેર થતા પરિવારના અંદાજીત ૨૦ જેટલા સભ્યોએ એકજૂટ થઈને અંગદાન કરવાનો નિર્ણય કર્યો.

અંગદાન કરવાનો નિર્ણય કરતા પરિવારમાંથી બે વ્યક્તિઓ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તબીબ અને નર્સિંગ બ્રધર તરીકે કાર્યરત છે. સંતોકબેનના પરિવારજનોને આ બંનેને સંપર્ક કરીને અંગદાન કરવાની ઇચ્છા વ્યક્ત કરી. હોસ્પિટલમાં કાર્યરત નર્સિંગ બ્રધર અને તબીબ એ સ્થાનિક સોટ્ટોની ટીમને સંપર્ક કરીને તમામ પરિસ્થિતિથી ટીમને માહિતગાર કરી. ત્યારબાદ તેમણે પરિવારજનોને બ્રેઇનડેડ સંતોકબેનને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઇ આવવા માટે કહ્યું.

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લાવ્યા બાદ અંગદાન માટેના પણ જરૂરી તમામ ટેસ્ટ કરાવવામાં આવ્યા. ટેસ્ટ થયા બાદ તેઓને રીટ્રાવલ અર્થે ઓપરેશન થીયેટરમાં લઇ જવામાં આવ્યા. ૫ થી ૬ કલાકના રીટ્રાઇવલના અંતે બ્રેઇનડેડ સંતોકબેનના બે કિડની અને એક લીવરનું દાન મેળવવામાં સફળતા મળી. સિવિલ હોસ્પિટલની ટીમે પરિવારજનોનું જ્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કાર્યરત અમર કક્ષમાં કાઉન્સેલીગ કર્યું ત્યારે તેઓ અન્ય અંગદાતાઓને જોઇને ભાવવિભોર થઇ ગયા હતા. પરિવારજનોએ એમ પણ જણાવ્યું કે ઘણી સામાજીક સંસ્થાઓ અને મીડિયાના માધ્યમથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં થતી અંગદાનની સેવાકીય પ્રવૃતિ વિશે અગાઉથી જ માહિતી હતી. આ ઘટનાથી પ્રેરાઇને જ અમે અમારા સ્વજનનું પણ અંગદાન કરવાનો નિર્ણય કર્યો.

આજે અમારા સ્વજન હયાત રહ્યાં નથી પરંતુ તેઓ જરૂરિયાતમંદ અને પીડિત ત્રણ જીંદગીઓને પીડામુક્ત કરીને ગયા છે તેનો ગર્વ છે.

સિવિલ સુપ્રીટેન્ડન્ટ ડૉ. જોષીએ જણાવ્યું કે,સમાજમાં પ્રવર્તેલી જાગૃતિના પરિણામે આજે આ ઉમદા કાર્ય થયું છે. અમારી હોસ્પિટલમા કાર્યરત રવિ બ્રધર અને ડૉ જયદિપ તેમજ અન્ય તબીબોએ એકજૂટ થઇને આ સતકાર્યને સફળ બનાવ્યું છે.

અમદાવાદ સિવિલમા કાર્યરત દરેક સ્ટાફ અંગદાનની મુહિમમાં જોડાયો છે. જેમ રામ સેતુ બનાવવા કહેવાય છે કે ખિસકોલીએ પણ મહત્વની ભૂમિકા અદા કરી હતી તેવી જ રીતે સિવિલ હોસ્પિટલનો તમામ સ્ટાફ અંગદાનના સેવાયજ્ઞને સફળ બનાવવા ચાવીરૂપ ભૂમિકા અદા કરી રહ્યો છે.

## વાવોલ ડ્રેનેજ પ્રોજેક્ટ અંતર્ગત રેલ્વેની પુશીંગની મંજૂરી મળતા ડ્રેનેજ લાઇન મુખ્ય લાઇન સાથે જોડવાનો માર્ગ મોકળો.

ગાંધીનગર.

વાવોલ ગામ ખાતે હાલમાં ગાંધીનગર મહાનગરપાલિકા અંતર્ગત પાણીની લાઇન તેમજ ગટરની લાઇન નાખવાનો પ્રોજેક્ટ કાર્યરત છે. જેમાં વાવોલ ગામ ખાતે આંતરીક ગટર લાઇન નાંખવાની ૭૦% કામગીરી પૂર્ણ થયેલ છે. આ ગટરને ખ- રોડ પર મુખ્ય ગટર લાઇન સાથે જોડાણ કરવા રેલવે પુશીંગ માટે રેલવે વિભાગની મંજૂરી અર્થે અરજી કરવામાં આવેલ હતી જેને ગાંધીનગર મહાનગરપાલિકાના સતત પ્રયત્નોથી મંજૂરી મળતા સદર ગટર લાઇનના પુશીંગ માટે આગામી સમયમાં રેલવે વિભાગના પરામર્શમાં રહીને કામગીરી પૂર્ણ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે પૂર્ણ થતા વાવોલની ગટર લાઇનને ખ-રોડની મુખ્ય ગટર લાઇન સાથે જોડવામાં આવશે.

## તમે માતા પિતા તરીકે સફળ છો કે નિષ્ફળ?



એક દિવસ દીકરીએ ' આઈફોન ' માંગ્યો. પિતાએ દીકરીને આઈફોન આપવાની ના પાડી. એને સમજાવ્યું કે પહેલાં ભણી લે!, પછી લેટેસ્ટ આઈફોન અપાવીશ. દીકરીને ગુસ્સો આવ્યો, એણે ઘરમાં તોડફોડ કરી પછી ચાલતાં પંખા વચ્ચે હાથ નાખી દીધો.!

પિતા ગભરાયા. દીકરી હવે એમનાં કન્ટ્રોલમાં રહી નહોતી. એમણે 'અભયમ' હેલ્પલાઈન પર ફોન કર્યો. અભયમનાં કાઉન્સિલરે દીકરીને સમજાવી ત્યારે દીકરીએ સાફ જવાબ આપી દીધો કે × અત્યાર સુધી મારી દરેક માંગણી પુરી કરાઈ છે, એટલે મને 'ના' સાંભળવાની આદત નથી.× !

અમદાવાદની આ ઘટના દરેક મા-બાપે વાંચવી જોઈએ. ' પેરેન્ટિંગ ' શીખતાં સંતાનોનાં દોસ્ત બનવાનાં નાહક પ્રયાસો કરતાં પ્રત્યેક મા-બાપે એક વાત સાફ સમજવી પડશે કે 'ના ' એ કોઇ શબ્દ નથી પણ સંતાનોને અપાતી કેળવણી છે.! સંતાનોને અપાતાં શિક્ષણની શરૂઆત છે!

એક માબાપ તરીકે આપણે ચોક્કસ જ એવું ઇચ્છીએ કે આપણું સંતાન દુનિયામાં શ્રેષ્ઠતમ કમ્ફર્ટ ભોગવે, બધું જ સુખ મળે, એનાં બધાં જ સપનાં સાચાં પડે, એની બધી જ ઈચ્છાઓ પૂરી થાય, એને જે જોઈએ તે મળે, એનાં હિસ્સામાં સંઘર્ષ જ ના હોય, એની આંખોમાંથી કદી આંસુ ના પડે વગેરે વગેરે.! પણ એક માબાપ તરીકે આપણે એવું પણ સમજવું પડશે કે આપણો દીકરો કે દીકરી જીવનભર માત્ર આપણાં સંતાન તરીકે જ નથી રહેવાના!

એ કોઈનાં દોસ્ત બનવાનાં છે, કોઈનાં જીવનસાથી બનવાનાં છે, કયાંક નોકરી કે બિઝનેસ કરવાનાં છે, એક દેશનાં નાગરિક બનવાનાં છે, બહારની દુનિયામાં આપણાં સિવાય હજ્જારો માણસો એમને મળવાનાં છે,! જેમાંથી કોઈ એમને છેતરવાનું છે! કોઈ એમનો વિશ્વાસ તોડવાનું છે! કોઈ એમને અણધાર્યો સપોર્ટ પણ કરવાનું છે !

આ બધાં વચ્ચે એ પુખ્ત થાય એ પછી એમનાં બધાં જ યુદ્ધ લડવા આપણે મેદાનમાં નથી ઉતરી શકવાના.!

એમનાં બધાં જ યુદ્ધ એમણે જ લડવાના છે અને જાતે જ લડવાના છે ! એનાં પરિણામો પણ એમણે ભોગવવાના છે, જાતે જ ભોગવવાના છે !

અને એટલે જ પ્રત્યેક માબાપએ સંતાનોને હથેળી પર આખી દુનિયા મૂકી આપતાં પહેલાં એકસોને સત્યાવીસ વખત વિચાર કરવો જોઈએ!

સંતાનોની કેળવણીની શરૂઆત 'ના ' શબ્દથી થવી જોઇએ. એને ના સાંભળતાં પણ આવડવું જોઈએ.! અને ના નો સ્વીકાર કરતાં પણ આવડવું જોઇએ! ? ૫૦૦૦/- ના ફોનથી પણ કોમ્યુનિકેશન તો થઈ જ શકે છે. પણ આઈફોન જોઈતો હશે તો સંઘર્ષ કરવો જ પડશે!

મમ્મી કે પપ્પાએ મહેનતથી કમાયેલ પૈસા સંતાનોનાં સ્ટેટ્સ સિમ્બોલને અપગ્રેડ કરવા માટે નથી! એવી સમજણ માબાપ તરીકે આપણે જ આપવી પડશે ! તકલીફો વેઠી શકવા માટે સંતાનોને તૈયાર કરવા એ માબાપ તરીકે આપણી સામાજિક ફરજ છે !

દરેક માબાપ પોતાને થયેલાં અનુભવો પરથી સંતાનોનાં ઉછેર કરતાં હોય છે પણ આપણો ' ઈન્ડિયન પેરેન્ટિંગ ' નો કન્સેપ્ટ સંતાનને ક્યારેય મોટું થવા જ નથી દેતો. ૮વર્ષે, ૧૮વર્ષે કે ૪૮વર્ષે એ બાબો કે બેબી જ રહે છે !

સંતાનોનાં કમ્ફર્ટ, સુખસપના, પુરી કરવાની ઘેલછામાં ને ઘેલછામાં માબાપ સંતાનોનાં ભવિષ્ય આગળ ડાઇવર્ઝનનું પાટિયું લગાડી દેતાં હોય છે.!

સામાન્ય રીતે માબાપની ફરજ સંતાનોને રોટી, કપડાં, શિક્ષણ અને મકાનની પ્રાથમિક જવાબદારીઓ પુરી પાડવાની જ છે ! એ પછી એમને માત્ર સપનાં જોતાં અને એ સપનાંને પુરા કેવી રીતે કરી શકાય એ જ શીખવવાનું છે ! જે માબાપ સંતાનોનાં સપનાં પૂરાં કરવા બાજી લગાવી દે છે એવા સંતાનો કયારેય ' ના ' સાંભળી શકતાં નથી ! એને માબાપની આંખોથી સપનાં જોવાની આદત પડી જાય છે.! એવાં સંતાનો જાણી જાય છે કે એમની સંઘર્ષ માત્ર બે-ચાર આંસુઓ પાડવા જેટલો જ છે...!

લગ્નનું સર્ટિફિકેટ તમને માબાપ બનવા માટેની એલિજીબીલીટી આપે છે પણ માબાપનું સર્ટિફિકેટ તો તમારું સંતાન જ આપે છે.! આ સર્ટિફિકેટ મળે છે ત્યારે તમે વૃદ્ધ થઈ ગયાં હો છો... આ સર્ટિફિકેટ મળે ત્યારે માબાપ તરીકે નિષ્ફળ થવાનો વસવસો થાય એનાં કરતાં અત્યારથી જ એને ' ના ' પાડતાં અને ' ના ' નો સામનો કરતાં શીખવી દેજો...!

**અબ્બાસભાઈ કૌકાવાલા**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

# આદિલ મન્સૂરી નદીની રેતમાં

આદિલ મન્સૂરી નદીની રેતમાં
નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,
ફરી આ દૃશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.

ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.

પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,
આ હસતા ચહેરા; આ મીઠી નજર મળે ન મળે.

ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,
પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે.

રડી લો આજ સંબંધોને વીંટળાઈ અહીં,
પછી કોઈને કોઈની કબર મળે ન મળે.

વળાવા આવ્યા છે એ ચ્હેરા ફરશે આંખોમાં,
ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે.

વતનની ધૂળથી માથુ ભરી લઉં ‘આદિલ’,
અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.

– આદિલ મન્સૂરી જન્મ: ૧૮ મે ૧૯૩૬ – મૃત્યુ: ૬ નવેમ્બર ૨૦૦૮

સ્વ આદિલ મન્સૂરી નું મૂળ નામ ફરીદ મહંમદ ગુલામ નબી મન્સૂરી હતું. ભારતના ભાગલા પછી ૧૯૪૮ માં આદિલ મન્સૂરીના પિતા પાકિસ્તાન ગયા. આઠ વર્ષ સુધી પાકિસ્તાન રહ્યા પછી ભારત પાછા ફર્યા. પણ તે સમય દરમ્યાન તેઓ ભારતનું નાગરિકત્વ ગુમાવી બેઠા. વિસ વર્ષ સુધી આ નાગરિકત્વ મેળવવા કેસ ચાલ્યો. અને ફરી ભારત ખાસ કરીને અમદાવાદ છોડીને જવું પડ્યું . એ સમયે આંખોમાં આંસુ સાથે આ ગઝલ લખાઈ હતી. આ ગઝલ એમની ગઝલ સફર ની એક બેનમૂન ગઝલ સાબિત થઈ છે. વતન છૂટી જશે એની વેદના આખી ગઝલમાં જણાય આવે છે. કાબુલીવાલા ના એ ગીત એ મેરે પ્યારે વતન જો તમને રડાવી દે તો આ ગઝલ ચોક્કસ તમને રડાવી દેશે. આદિલ સાહેબને એક બહેને કહેલું કે આ ગઝલ સાંભળી હું રડી પડી. તો આદિલ સાહેબે કહ્યું કે મેં પણ એ રડતાં રડતાં જ આ ગઝલ લખી છે. અનિવાર્ય સંજોગોને હિસાબે અમદાવાદ છોડવું પડ્યું અને એ અમેરિકા આવી ગયા. આવો એમની આ ગઝલ નો આસ્વાદ આપણે માણીયે.

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,
ફરી આ દૃશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.

અમદાવાદ એટલે સાબરમતી નદીની રેતમાં રમતું નગર! સાબરમતીને હવાને શ્વાસમાં ભરી લેતા કવિ આ શહેર ના દરેક દ્રશ્યને સ્મૃતિપટ પર જડી લેવા માંગે છે. ફરી વતન જવાનું મળે કે ના મળે આ બધાં દ્રશ્ય સ્મૃતિપટ પર મળે ના મળે. ધીરેધીરે સ્મૃતિપટ થી વતનની નિશાનીઓ ભુલાતી જાય છે. ઝાંખી થતી જાય છે. કવિને આ પીડા જતા પહેલા અનુભવાઈ છે અને ગઝલ બને છે . વતન છોડીને જવાની વેદના દરેક શેરમાં જોવા મળે છે. અમદાવાદમાં વરસો રહ્યા પછી અમદાવાદ જ્યારે છોડવાનો સમય આવે છે. મરજીથી નહિ મજબૂરીથી વતન છોડવું પડે છે તેથી હૃદયમાં વેદના ઉદભવે છે. સાબરમરતી નદીને કિનારે આ વસતાં નગરને નજરમાં કેદ કરવા માંગે છે.

ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.

સાબરમતી નદીનો સુગંધનો દરિયો શ્વાસમાં ભરી લો. ફરી આ માટીની ભીની અસર મળે ના મળે. જે નદીના કિનારે જવાની વિતાવી. જ્યાં રહેવા માટે વિસ વર્ષની તપસ્યા કરી એ રેતમાં રમતું શહેર છોડવાનું કપરું કામ કરવાનું છે. નદીની ભીની ભીની માટીની સુગંધ શ્વાસોમાં ભરી લો. વતનની માટીની સુગંધ જેવી સુગંધ દુનિયાંમાં ક્યાંય નહિ મળે. નદીને કિનારે બેસીને કેટલાય સપનાં જોયાં હશે, એ છોડીને જવાનું! કોઈપણ વ્યક્તિને પોતાના વતનથી ખૂબ પ્રેમ હોય છે. મારો એક શેર અહીં ટાંકુ છું.

માટી તણી સોડમ ભળી છે શ્વાસમાં,
આવી વતનથી દૂર કારાવાસમાં.

એટલે વતન સિવાય બીજા કોઈ દેશમાં કારાવાસ જેવું જ લાગે છે. વતનની યાદ લઈને લોકો પરદેશ જતા હોય છે, એજ યાદનું ખેંચાણ એમને ફરી વતન તરફ ખેંચી જાય છે. એ મેરે પ્યારે વતન એ મેરે બિછડે ચમન તુજપે દિલ કુરબાન.

પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,
આ હસતા ચહેરા; આ મીઠી નજર મળે ન મળે.

વહાલા પ્યારા , પરિચિત ચહેરાઓને ધરાઈને જોઈ લેવા દો. વતનથી દૂર ક્યાં એ હસતા ચહેરા અને મીઠી નજર જોવા મળવાની છે? પછી તો એ ચહેરા દુનિયાની ભીડમાં એવાં ખોવાઈ જવાનાં કે કદી જોવાં પણ નહિ મળે! તેથી ધરાઈને એ ચહેરા જોઈ લેવા દો . હૃદય વલોવી જાય જ્યારે ઘરનું આંગણ મજબૂરીમાં છોડવું પડે.નજરથી જ્યારે વ્હાલાના ચહેરા દૂર થઈ જાય, અને દિલ જાણતું હોય કે આ ચહેરા ફરી જોવા મળશે કે નહિ? એ મીઠી નજરથી વહેતી મીઠાશ ફરી માણવા મળશે કે નહિ? . જ્યારે વતનથી કાઢવામાં આવે ત્યારે આવી ગઝલ બને.

ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,
પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે.

દરેક યાદને દિલમાં અને આંખમાં છુપાવી લો. આ રસ્તા આ બારીઓ, આ ભીંતો ! પછી આ શહેર આ ગલીઓ અને આ ઘર મળે ના મળે. આ બધી નિર્જીવ વસ્તુઓ પર પણ માનવીને ખૂબ વહાલ થઈ જાય છે. ઘરની એકએક ઈંટ તમને વહાલી લાગતી હોય છે. વતન એ વતન છે. ભલે આંખોથી ઓજલ થાય પણ દિલમાં વસી રહે છે. જૂનું ઘર છોડતાં એકએક બારી એકએક ભીંતને સ્પર્શી લઈએ છીએ. શહેરના રસ્તાઓને યાદમાં વસાવી લો. દરેક રસ્તાઓમાં પણ સ્મૃતિ સમાયેલા હોય છે. કોઈ રસ્તા પર પ્રેમી પ્રેમિકા મળ્યાં હોય, કોઈ રસ્તા પર કોઈ તમારી મનગમતી પાણીપુરીની લારી ઊભી હોય! શું આ બધી સ્મૃતિને ભુલાવી શકાય? ફરી કદાચ વતન આવવાનું ના થાય. દિલથી વતન ક્યારેય ભુલાય નહિ. દરેક જણ વતન છોડતાં પોતાની આંખમાં વતનને સાથે લઈને જાય છે.

રડી લો આજ સંબંધોને વીંટળાઈ અહીં,
પછી કોઈને કોઈની કબર મળે ન મળે.

મિત્રોને, સગાવહાલાને સર્વ સંબધીઓ ને ગળે લગાડીને રડી લો. પછી તો ખબર નથી કે પાછાં ફરીએ તે વખતે કોણ હાજર હશે અને કોણ મૃત્યુને ભેટી ચૂક્યું હશે. ઘણી વખત તો વહાલાની કબર પણ મળશે નહિ! આમ પણ વહાલાઓથી છૂટાં પડીએ એટલે રડવું તો આવે . જો ખબર હોય કે કદી પાછા આવવાનું નથી તો ગળે વળગીને રડવું આવે કારણકે એ વ્યકતિને ફરી મળવાનું થાય કે ના પણ થાય!

અહીં ‘સપના’ ઘણાં લઈને અમે આવ્યાં
સગાંવહાલાં બધાં છોડીને અમે આવ્યાં
વતનને ખૂબ દૂર છોડીને અમે આવ્યાં
હા બંધન પ્રેમના તોડીને અમે આવ્યા
અહીં સાંજ પડતાં આ હૃદયમાં ઊંડે ઊંડે કૈંક ખૂચતું
વળાવા આવ્યા છે એ ચ્હેરા ફરશે આંખોમાં,
ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે.

મિત્રો અને સગાવ્હાલાઓ એરપોર્ટ પર ફૂલહાર લઈને વળાવા આવે છે. આ બધા ચેહરા આંખોમાં લઈને જાઉં છું. આ ચહેરા આંખોમાં ફર્યા કરશે. વહાલાંઓથી દૂર જવા છતાં આંખમાં એ ચહેરાઓ વસી જતાં હોય છે. દિલમાં દસ્તક દીધાં કરે છે.. પણ આ ચહેરાની હાજરી સતત સાથે રહેવાની! પછી ભલે સફરમાં કોઈ હમસફર મળે ના મળે. વ્હાલાઓનો સાથ હંમેશા રહેવાનો. વહાલાંઓની યાદ અને એમના ચહેરા નજર સામે આવી જશે. પછી હમસફર ના મળે તો પણ વહાલાંઓની યાદમાં સફર કપાઈ જશે ! કેટલો પ્રેમ કેટલી લાગણી છોડીને લોકો હિઝરત કરતાં હોય છે, પણ આવી કાળજા કોરી નાખે એવી ગઝલ ફક્ત આદિલ મન્સૂરી જ લખી શકે.

વતનની ધૂળથી માથુ ભરી લઉં ‘આદિલ’,
અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.

વતન છોડતાં પહેલા વતનની માટીથી માથું ભરી લઉં, ફરી આ ધૂળ ઉમ્રભર મળે ના મળે. વતનની મહોબત માથે ચડાવતા ધૂળથી માથું ભરી લઉં , કે માટીની ભીની સુગંધ ફરી મળે કે ના મળે. ઘણાં લોકો માટીને સાથે પણ લઇ જતાં હોય છે. અગર મૃત્યુ પરદેશમાં થાય તો વતનની માટી કબરમાં મૂકી શકે. વતન પ્રત્યેનો આદિલ સાહેબનો પ્રેમ શબ્દે શબ્દે વર્તાય છે. અમેરિકામાં રહેવા છતાં જેનું દિલ ભારત માટે તડપતું હતું એવા કવિ શ્રી આદિલ મન્સૂરી સાહેબના વતન ઝુરાપાને વર્ણન કરતી આ ગઝલને સલામ! સાથે સાથે ગઝલ લખનાર કવિને સલામ!

સપના વિજાપુરા(અમેરિકા)

# યાવતચંદ્રૌદિવાકરો રાજ કરવા મતદારયાદીના પ્રત્યેક મતદારદીઠ સિંગલ વોટર પ્રમુખની નિમણૂક કરો-રાજુ રદીની રિવોલ્યુશનરી અપીલ

“ ગઇ , ગઇ, ગઇ, ગઇપપ” સંનેપાતના દર્દીની જેમ રાજુ રદી લવારો કરતો કરતો મારા ઘરમાં દાખલ થયો.રાજુનો ચહેરો અમાસના ચંદ્રની જેમ ચમકતો હતો. ચરણમાં અભૂતપૂર્વ સ્ફૂર્તિ હતી. રાજુ રદી મારા ઘરમાં સોફા પર ફસડાઈ પડ્યો. મેં રાજુને પાણીનો ગ્લાસ આપ્યો. સૂકા ઠૂંઠા પર પાણી રેડીએ તેમ રાજુના મોં પર પાણી છાંટ્યું.

“ ભાઇ કોણ ગયું? છોકરીઓ તારા નસીબમાં નથી. તારા દિલને કોલસાની જેમ ભડભડ બળે છે. જે ગઇ એને જવા દે. જે આવે તેને આવવા દે. હવે ગમે તે છોકરી મળે તેને મોં ધોયા વગર વધાવી લે!!” મેં સહાનુભૂતિ દર્શાવી.

“ ગિરધરભાઇ. તમારી પીન મારા લગ્ન પર કેમ ચોંટી ગઇ છે!! હું વ્યકિતગત હિતોને ગૌણ ગણી રાષ્ટ્રીય હિતોને અગ્રતા આપું છું . હું કર્ણાટકની વાત કરવા માંગું છું” રાજુએ સ્પષ્ટતા કરી.

“ રાજુ. આપણે કર્ણાટકમાં સતા મેળવી શકયા નહીં. સાબુની ભીની ગોટીની માફક સતા સુંદરી આપણા હાથમાંથી સરકી ગઇ. આપણે ચૂંટણીમાં બરાબરની ફાઇટ આપી. ચૂંટણીમાં આપણી નૈતિક જીત થઇ છે. તેનો ગામડે, તાલુકે, જિલ્લે, રાજ્યે વિજયોત્સવ તરીકે મનાવીશું. “ મેં રાજુને આશ્વાસન આપ્યું.

“ ગિરધરભાઇ . આપણી હાર માટે નાનામોટા નેતાઓ, કાર્યકરો, મિડીયા, ફોલોઅર જવાબદાર નથી. સામેનો પણ પણ મજબુત નથી. આપણી હાર માટે જનતા પર ઠીકરું ફોડો. જનતા ગદ્દાર છે. રેવડી કલ્ચરનો વિરોધ કરવા છતાં સાહેબે ચૂંટણી ઢંઢેરામાં રેવડી નહીં પણ રેવડીનો મોટો લાડવો દેખાડ્યો, આંબલીપીંપળી દેખાડી છતાં જનતા વિપક્ષોના પાંજરામાં ટ્રેપ થઇ ગઇ. પાંચ વરસમાં ૪૦% ના દરે વિકાસ કર્યો , ઘરે ઘરે સોનાના નળિયા કર્યા તોય જનતાએ હિમાલય જેવી બ્લંડર કરીને સામેના પક્ષ પર ભરોસો કર્યો. ભલાઈનો જમાનો જ રહ્યો નથી!!” રાજુએ બળાપો કાઢ્યો.

“ રાજુ . આપણે વિશ્વનો મોટી પાર્ટી છીએ. માત્ર મિસ્ડ કોલ કરવાથી સભ્ય બનાવીએ છીએ. કેડરબેઇઝડ પાર્ટી છીએ. શિસ્તબદ્ધ પાર્ટી છીએ. માત્ર સેવા માટે ચૂંટણી લડીએ છીએ. આપણે ફકીર છીએ. ગમે ત્યારે ધોલો લઇને ચૂપચાપ ચાલ્યા જવાની મનોવૃત્તિ ધરાવીએ છીએ. કર્ણાટકના ગરમીમાં ખુદની તંદુરસ્તીની પરવા કર્યા વિના સાહેબ ગળું ફાડીને પ્રચાર કર્યો. જનસભાઓ ઓડિયન્સ વિના સંબોધી. લાંબા લાંબા રોડ શો કર્યા. કોના માટે ??જનતા માટે જ સ્તો વળી?? જનતા વીંછીની માફક કરડી.સાહેબ સંત શિરોમણી છે. સાહેબ જનતાના વિકાસ માટે ડંખ સહન કર્યો!!” મેં પરિસ્થિતિનું વિશ્લેષણ કર્યું!!

“ગિરધરભાઇ.જૂના જમાનામાં રાજાઓ અશ્વમેઘ યજ્ઞ કરતા હતા. એક શણગારેલ ઘોડો સૈનિકો સાથે છોડી દેતા હતા. જે રાજા અશ્વને પકડે તેને અશ્વમેધ યજ્ઞ કરનાર રાજા સાથે યુધ્ધ કરવું પડતું હતું.આપણે પણ અશ્વમેધ યજ્ઞાર્થે નીકળ્યા હતા. સાલ્લા ક્ષેત્રિય ક્ષત્રપોએ અશ્વમાં પંકચર પાડ્યું. દિલ્હી, પંજાબ, રાજસ્થાન, ઝારખંડ, છતીસગઢ, હિમાચલ પ્રદેશ અને કર્ણાટકના નાદાન , નાસમજ, અર્ધદગ્ધ, ધૂર્ત પ્રજાએ સાહેબના અરમાનો પર સમયાંતરે પાણી ફેરવી ડબલ એન્જિન સરકાર પાટા પરથી ખેડવી નાંખી!”રાજુ આજે સેફોલોજીસ્ટ બની ગયો!!

“ રાજુ. સામાવાળા ટુકડે ટુકડે ગેંગ હતા. ભ્રષ્ટાચારમાં લિપ્ત હતા. ( વિપક્ષ કેવી રીતે ભ્રષ્ટાચાર કરે તે પણ સંશોધનનો અલગ વિષય છે!) પરિવારવાદી હતા,વિકાસ વિરોધી હતા, રાષ્ટ્રપ્રેમવિહીન હતા. તેમની પાસે કાર્યકરો પણ ન હતા. બુથ પર પોલિંગ એજન્ટ ન હતા. બુથના માઇક્રોમેનેજમેન્ટનો અભાવ હતો. આપણી પાસે આઇટી સેલ, કાર્યકરોની ફોજ હતી, જુદા જુદા સેલ-મોરચા હતા,લિંગાયત અને વોકાલિંગમના જૂથો ખિસ્સામાં હતા. કરોડો રૂપિયાના કામો પંદર-ખિસ્સાના ખર્ચે કર્યા હોય તેનો હાઇપ ઉભો કરેલો, પેઇજ પ્રમુખ જેવી લેટેસ્ટ ઇલેકશન સ્ટ્રેટેજી હતી. પાર્ટીમાં વોર રૂમ હતા. બધુ જ ડિજિટલ હતું. હાસ્ય કવિ સરસ સંપત કહે છે તેમ રોટી ગુગલ પરથી ડાઉનલોડ થઇ શકતી નથી કેમ વોટ કે વિકટરી પણ ગુગલ ડાઉનલોડ થઇ શકતા નથી. “ મેં પરિસ્થિતિની છણાવટ કરી .

“ ગિરધરભાઇ હવેની ચૂંટણી જીતવા એક ધાંસુ આઇડીયા છે. જે હારી હુઇ બાજીરોદાત મેં પરિવર્તિત કર દેંગા!!”રાજુએ જાદુગરની માફક છડી ઘુમાવી.

“ રાજુ એ રંઇ રીતે ??” મેં ઉત્તેજિત થઇ સવાલ કર્યો!!!

“ હવે આપણે ઇવીએમની બબાલમાં પડયા સિવાય પેઇજ પ્રમુખથી પણ આગળ દૂરંદેશીભરી વિચારણા કરવી પડશે!! આપણે મતદારયાદીના પ્રત્યેક મતદારદીઠ સિંગલ મતદાર પ્રમુખ નિમવા જોઇએ. આમ, મતદાર પ્રમુખની ક્રાંતિકારી મુવમેન્ટથી કોઇ પણ પાર્ટી આપણને હરાવી શકશે નહી . આપણે યાવતચંદ્રૌવાકરો રાજ કરીશું”આમ બોલી રાજુ રદી મોહક સ્વપ્નમાં ચિનાંશક સરે તેમ સરી પડ્યો !!!

**ભરત વૈષ્ણવ**

# કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દિન શેખની એક ટ્વિટથી પક્ષમાં ખળભળાટ



અમદાવાદઃ ગુજરાત કોંગ્રેસની આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં ભૂંડી હાર થઈ છે. આ હારને લઈને હાઈકમાન્ડ ખૂબજ નારાજ છે. બીજી બાજુ પક્ષમાં અંદરો અંદર સિનિયર નેતાઓ વચ્ચે ચાલતો જૂથવાદ પણ કોંગ્રેસની હાર માટે જવાબદાર ગણવામાં આવે છે. હાઈકમાન્ડે પ્રદેશ પ્રમુખ બદલી નાંખ્યા અને હવે પ્રભારી પણ બદલવાની તૈયારીઓ કરાઈ રહી છે. ત્યારે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દિન શેખની એક ટ્વિટથી રાજકીય હલચલ તેજ થઈ ગઈ છે. તેમણે કરેલી ટ્વિટથી તેઓ પક્ષ અને સિનિયર નેતાઓથી નારાજ હોવાનું જાણવા મળે છે. ગ્યાસુદ્દિન શેખે બે ટ્વિટ કરી છે. જેમાં તેમણે પહેલી ટ્વિટમાં કહ્યું છે કે, ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને સિનિયર પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દિન શેખ આપને નિવેદન કરે છે કે, હાલમાં એવો અનુભવ થઈ રહ્યો છે કે,ગુજરાત કોંગ્રેસની આ વખતે ઈતિહાસની સૌથી ખરાબ હાર થઈ છે.તેમજ આ પરાજય બાદ પણ કોંગ્રેસે ક્યારેય પાઠ ભણ્યો નથી. તેમણે કરેલી બીજી ટ્વિટમાં કહ્યું હતું કે, આ પરાજય પાછળના કારણોની તપાસ કરનાર સત્ય શોધક કમિટીએ પોતાના રિપોર્ટમાં એવું તો ક્યારેય નથી કહ્યું કે, રાત દિવસ કામ કરનારાને પણ મહત્વ આપવામાં આવે. તેમણે આ ટ્વિટમાં કે.સી વેણુગોપાલ, કોંગ્રેસ પ્રમુખ ખડગે, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીને પણ ટેગ કર્યા છે.

# જગન્નાથ મંદિર ૫૦ હજાર ભક્તો એકસાથે દર્શન કરી શકે તેવું બનાવાશે



અમદાવાદ,તા.૨૩

અમદાવાદમાં અષાઢી બીજે શાંતિપૂર્ણ માહોલમાં રથયાત્રા સંપન્ન થયા બાદ હવે જગન્નાથ મંદિરને રિડેવલપ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અંગે મંદિરના મહંત દિલીપદાસજી મહારાજે માહિતી આપતા જણાવ્યું હતું કે ગર્ભગૃહ તેમજ મંદિર પરિસરનું રીડેવલપમેન્ટ કરવામાં આવશે.આ તકે નિવેદન આપતાં મહંતે રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થતાં લોકો સહિત મીડિયાનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યુ હતું કે ૧૪૬મી રથયાત્રા પૂર્ણ થયા બાદ રીડેવલપમેન્ટનો મુદ્દો આગળ વધારવામાં આવ્યો છે. જગન્નાથ મંદિરના રીડેવલપમેન્ટને લઈને રાજ્ય સરકાર અને છસ્ઝ સાથે મિટિંગોનો દોર શરૂ કરવામાં આવ્યો છે. લોકોની લાગણી અને ભાવ જોઈ મંદિરનું રીડેવલપમેન્ટ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. નવા પ્લાનમાં બે માળની પાર્કિંગ વ્યવસ્થા રહેશે. આ ઉપરાંત અન્ય સ્થળે પણ પાર્કિંગ સહિતની બાબતોનું ધ્યાન રખાશે. જેના માટે એક સર્વે ટીમ દ્વારા સર્વે પણ કરવામાં આવ્યો છે.મંદિરના રીડેવલપમેન્ટને લઈને થોડા સમય બાદ ફરીથી સર્વે કરવામાં આવશે. જે બાદ રિડવલપમેન્ટની કામગીરી હાથ ધરવામાં આવશે. રથયાત્રા દરમિયાન લાખોની સંખ્યામાં લોકો દર્શન માટે આવતા હોય છે. તો સામાન્ય દિવસોમાં પણ મોટી સંખ્યામાં લોકો દર્શનાર્થે આવતા હોય છે. જેને ધ્યાને રાખીને એક સાથે ૫૦ હજાર લોકો દર્શન કરી શકે તેવું મંદિર બનાવવામાં આવશે.નવા રીડેવલપમેન્ટ પ્લાન મુજબ બહારથી આવતા સાધુ સંતોને રહેવા માટે નવા સંત નિવાસનું નિર્માણ કરવામાં આવશે. તેમજ હાથીઓને રાખવા માટેનું નવું હાથીખાનું પણ બનાવવામાં આવશે. આ ઉપરાંત જ્યારથી રથયાત્રા શરૂ થઈ ત્યારના જુના રથ સહિત રથયાત્રાના ઈતિહાસને દર્શાવતું એક મ્યુઝિયમ પણ બનાવામાં આવશે.જગન્નાથ મંદિરના રીડેવલપમેન્ટને લઈને મંદિર પરિસરમાં રહેલ પરિસર, ગૌશાળા, ભોજનાલય અને રસોડા સહિતના બાંધકામ તોડી પાડવામાં આવશે. આ ઉપરાંત મંદિર આસપાસના કેટલાક રહેણાંક અને કોમર્શિયલ એકમ હટાવી તેમને અન્ય જગ્યા ફાળવી ત્યાં પણ ડેવલપમેન્ટ કરવામાં આવશે.

# થાય છે

**કોઇ તાજા સંબંધનું**
**બાળમરણ થાય છે.**

**કોઇ પણ સ્વપ્નનાનું,**
**કેમ અપહરણ થાય છે.?**

**રાજકારણમાં સદા,**
**રેતમાં તરણ થાય છે!!**

**કોઇના પણ મડદાનું,**
**ગીધ જમણ થાય છે.**

**શાંતિના સમયે પણ,**
**રમણભમણ થાય છે!!**

**છચ્છા હોય તો સદેહે,**
**સ્વર્ગારોહણ થાય છે!!**

**મંદિર વિના હરિ ભજો,**
**ધ્વજારોહણ થાય છે!!**

**ભરત વૈષ્ણવ**